સૌ પોતપોતાની ઢગલી
ખિસ્સામાં ભરતા,
ને ભગવાનની ઢગલી ત્યાં જ મૂકી
રમવા દોડી જતા.

ભગવાન રાતે આવે, છાનામાના
ને પોતાનો ભાગ ખાઈ જાય-એમ અમે કહેતા.

પછી મોટા થયા.
બે હાથે ઘણુંય ભેગું કર્યું;
ભાગ પાડ્યા-ઘરના, ઘરવખરીના,
ગાય, ભેંસ, બકરીના
અને ભગવાનનો ભાગ જુદો કાઢ્યો?

રબીશ! ભગવાનનો ભાગ?
ભગવાન તે વળી કઈ ચીજ છે?

સુખ, ઉમંગ, સપનાં, સગાઈ, પ્રેમ-
હાથમાં ઘણું ઘણું આવ્યું...

અચાનક ગઈ કાલે ભગવાન આવ્યા;
કહે : લાવ, મારો ભાગ...

મેં પાનખરની ડાળી જેવા
મારા બે હાથ જોયા- ઉજ્જડ.
એકાદ સુકું તરણુંયે નહીં.
શેના ભાગ પાડું ભગવાન સાથે?
આંખમાં ઝળઝળિયાં આવ્યાં,
તે અડધાં ઝળઝળિયાં આપ્યાં ભગવાનને.

વાહ! - કહી ભગવાન મને અડ્યા,
ખભે હાથ મૂક્યો,
મારી ઉજ્જડતાને પંપાળી,
મારા ખાલીપાને ભરી દીધો અજાણ્યા મંત્રથી.
તેણે પૂછ્યું : 'કેટલાં વરસનો થયો તું?'
'પચાસનો'. હું બોલ્યો.
'અચ્છા...' ભગવાન બોલ્યા : '100માંથી
અડધાં તો તેં ખરચી નાખ્યાં...
હવે લાવ મારો ભાગ !'
ને મેં બાકીનાં પચાસ વરસ
ટપ્પ્ દઈને મૂકી દીધાં ભગવાનના હાથમાં!

ભગવાન છાનામાના રાતે એનો ભાગ ખાય.

હું હવે તો ભગવાનનો ભાગ બની પડયો છું અહીં
જોઉં છું રાહ-
કે ક્યારે રાત પડે
ને ક્યારે આવે છાનામાના ભગવાન
ને ક્યારે આરોગે ભાગ બનેલા મને
ને ક્યારે હું ભગવાનનાં મોંમાં ઓગળતો ઓગળતો...

## શબ્દાર્થ

**બોરાં** ચણીબોર **કાતરા** આમલીનાં ફળ **ટેટા** વડનાં ફળ **ઘરવખરી** ઘરને લગતો સરસામાન, રાચરચીલું **રબીશ (અં.)** અર્થહીન, વાહીયાત વાત **પાનખર** એક ઋતુ, (મહા, ફાગણ) **ખરચી નાખ્યાં** વાપરી નાખ્યાં **ઉજ્જડ** ઉજ્જડતા, ખાલીપો એકલતા

## રૂઢિપ્રયોગ

**ઝળઝળિયાં આવવાં (-વી જવાં)** આંખમાં આંસુ આવી જવાં, ભાવવશ થઈ રડવું આવવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) શૈશવમાં કવિ મિત્રો સાથે શેનો ભાગ પાડતા ?
(2) વધારાની ઢગલી કોના માટે રહેતી ?
(3) ભગવાન પોતાનો ભાગ ખાવા ક્યારે અને કેવી રીતે આવતા ?
(4) મોટા થયા પછી શાના-શાના ભાગ પાડ્યા હતા ?
(5) ભગવાને સપનામાં આવી શું કહ્યું ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો :**

(1) બાળપણમાં કવિ મિત્રો સાથે શું શું કરતા હતા ?
(2) બાળપણમાં અને મોટા થયા પછી પાડવામાં આવેલા ભાગમાં શો તફાવત છે ?
(3) કવિ કોનો ભાગ જુદો કાઢવાનું ચૂકી ગયા ? શા માટે ?
(4) કવિ પોતાના હાથને 'પાનખરની ડાળી જેવા' શા માટે કહે છે ?
(5) કવિએ ભગવાનને ભાગમાં શું આપ્યું ? શા માટે ?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) 'ભગવાનનો ભાગ' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.
(2) 'ભગવાનનો ભાગ' કાવ્યને આધારે જીવનની બે અવસ્થાની તુલના કરો.
(3) 'મોટા થવાની સાથે જ ઈશ્વર હાંસિયામાં ધકેલાઈ જાય છે'- આ વિધાનની યથાર્થતા કાવ્યને આધારે તપાસો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- તમારા બાળપણ વિશે નોંધ લખો.
- તમે કરેલું એક સારું કાર્ય વર્ણવો.
- રમેશ પારેખનાં ત્રણ ગીતો નોંધો.

## ભાષા-અભિવ્યક્તિ

શીર્ષક 'ભગવાનનો ભાગ' છે, કાવ્યના પણ બે ભાગ પડે છે તેમ કવિના જીવનના પણ બે ભાગ છે. બાળપણ અને મોટપણ.

અહીં બોરનું બહુવચન 'બોરાં' તળપદા શબ્દનો ઉપયોગ થયો. અહીં ઘણી પંક્તિઓને અંતે જુદાં જુદાં ચિહ્નો જોઈ શકશો તે શા માટે પ્રયોજાયાં છે તે વિચારો. ઢગલાને બદલે ઢગલી શબ્દનો પ્રયોગ ઓછપ બતાવે છે તે છતાં ભગવાનને તેનો ભાગ મળે છે.

**-આ ભાગ ટીકુનો**
**-આ ભાગ દીપુનો**
**-આ ભાગ ભનિયાનો...'**

એમ ગુરુરેખાવાળી પંક્તિઓને દોહરાવીને જાણે ભાગ પડી રહ્યો હોય તેવું દૃશ્ય ખડું કર્યું છે.

**'બે હાથે ઘણુંય ભેગું કર્યું; ...'**
**...હાથમાં ઘણું ઘણું આવ્યું'**

મોટપણમાં ઘણું ઘણું છે છતાંય ભગવાનનો ભાગ નથી પડતો. 'બે હાથે' અને 'હાથમાં' બંનેની અર્થછાયાઓ અલગ-અલગ છે એ તમારા ધ્યાનમાં આવશે.

**મેં પાનખરની ડાળી જેવા**
**મારા બે હાથ જોયા - ઉજ્જડ'**

અહીં ઉપમા સરસ છે પણ છેલ્લે ગુરુવિરામ પછી 'ઉજ્જડ' શબ્દ વિષાદને ઘેરો બનાવે છે.

## શિક્ષકપ્રવૃત્તિ

- આ કાવ્યનું નાટ્યરૂપાંતર કરી, વર્ગમાં ભજવો.
- વિનોબા ભાવેની સર્વોદયપાત્રની વિભાવના સમજાવો.

•

# 22 જમાના પ્રમાણે

**વસુબહેન ભટ્ટ**
**(જન્મ : 23-3-1924)**

વસુબહેન જનાર્દન રામપ્રસાદ ભટ્ટનો જન્મ વડોદરામાં થયો હતો. હાલ તેઓ અમદાવાદમાં રહે છે. મુખ્યત્વે તેઓ વાર્તાકાર તરીકે જાણીતાં છે. 'પાંદડે પાંદડે મોતી', 'સરસિજ', 'દિવસે તારા, રાતે વાદળ', 'ઘડીક અષાઢ ને ઘડીક ફાગણ' તેમના વાર્તાસંગ્રહો છે. 'માણારાજ' તેમની હાસ્યસભર વાર્તાઓનો સંગ્રહ છે. 'ઝાકળપિછોડી' નામની એક લઘુનવલ પણ તેમણે લખી છે.

પોતાની સીધીસાદી અને સંસ્કારી નમાઈ પુત્રી નીલા જો જમાના પ્રમાણે પહેરી-ઓઢી નવતર ઠાઠ, ઠસ્સો અને ફૅશન અપનાવે તો લગ્ન માટે વહેલી પસંદગી પામે એવી માન્યતા ધરાવતા બિહારીના અતિસૂક્ષ્મ ચંચલ મનોભાવોનું નિરૂપણ આ વાર્તામાં થયું છે. વાર્તાકારે નીલાના પાત્રમાં એવું બાહ્ય પરિવર્તન લાવીને બિહારીને પ્રતીતિ કરાવી છે કે જીવનમાં કૃત્રિમતા કરતાં વ્યક્તિની સહજતા જ વિશેષ શોભી રહે છે. સ્થૂલ પ્રસંગનિરૂપણને બદલે બે પાત્રોના સંવાદ અને મનોમંથનનો પ્રયોગ કરીને લેખિકાએ પરિસ્થિતિને ટૂંકી વાર્તા માટે જરૂરી એવા લાઘવમાં રજૂ કરી કલાસૂઝ દાખવી છે.

---

મનને મનાવી બિહારી જવા તૈયાર થયો. ધોતિયાની પાટલી સરખી કરી, માથે ટોપી મૂકી હાથમાં લાકડી લઈ ચાલવા માંડ્યું. ત્યાં ખ્યાલ આવ્યો કે બારણે તાળું મારવાનું તો રહી ગયું? બારણે તાળું મારતાં માંડ તૈયાર કરેલું મન ભાંગી પડ્યું. બારણાં ફરી જોસથી અફાળીને બંધ કર્યાં, બારણાંની માફક મગજમાં અથડાતા વિચારોને રોકવાના પ્રયત્નોમાં એને સફળતા ન મળી. મગજ થાકી ગયું અને પગ લથડિયાં ખાવા લાગ્યા. પગથિયાં પાસેનો થાંભલો પકડી તે ત્યાં જ બેસી ગયો.

બહારના રસ્તેથી ત્રણચાર સમવયસ્ક કન્યાઓ રંગરંગીન પોશાકમાં હસતીકૂદતી, એકબીજાને ધબ્બા મારતી પતંગિયાની માફક પસાર થઈ. આ છોકરીઓને જોઈ, નાંખી દીધેલી નિરાશા વળી પાછી બિહારી પર ચઢી બેઠી.

'નીલાને નહિ તો કોઈ બેનપણી કે નહિ કોઈ સહિયર. નહિ પહેરવા-ઓઢવાનો કે ફરવાહરવાનો શોખ. બસ, જ્યારે જુઓ ત્યારે...'

ઘેરાયેલા આકાશમાં ઘનઘોર વાદળો ઊમટી આવતાં સદંતર અંધકારનું સામ્રાજ્ય વ્યાપી જાય તેમ બિહારીલાલનું અંતર નિરાશાના અંધકાર અને દુઃખના ભાર નીચે દબાઈ ગયું. દબાવી રાખેલો ડૂમો હમણાં છૂટી પડશે એવો ભય લાગતાં બિહારીએ ખોંખારો ખાઈ મનને સ્વસ્થ કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો.

પગથિયાં ઊતરી કમ્પાઉન્ડમાં હીંચકા સુધી પહોંચતાં તો એ હાંફી ગયો. ટોપી ઉતારી હીંચકા પર બેસી ગયો. બૂટ કાઢી હીંચકાને જોસથી લાત મારી અને તરત જ ખોળામાં મૂકેલી લાકડીથી હીંચકાની ગતિ અટકાવી દીધી. જમીન પર લાકડી ખોસી, એની પર દાઢી ટેકવી એ ફરી પાછો વિચારમાં પડી ગયો. લાકડીની તીક્ષ્ણ અણીથી જમીનમાં જેમ જેમ ઊંડે ખોદતો ગયો તેમ તેમ વિચારોમાં પણ એ એટલો જ ઊંડો ઊતરતો ગયો.

'છોકરીઓને લટકા ઓછા કરવા માટે, ભટકવા માટે, રમતિયાળપણા માટે, આખો દિવસ બેનપણાં-સહીપણાં માટે બાપે કહેવું પડે એને બદલે આ...તો સાવ જ ઊંધું...

'નીલા! તું શું કરવા આવા જાડા ખાદીના ધાબળા પહેરે છે? નીલા ! તું શું કરવા કોઈને મળવાહળવા જતી નથી? બસ, આખો દિવસ એકલીએકલી વાંચ્યા જ કરે છે...' અને આ બધાં માટે બિહારી જ જવાબદાર હોય તેમ એના અંતરે એના તરફ આંગળી ચીંધી.

નીલાના જન્મ પછી ગુણિયલ માંદીસાજી રહેવા લાગી. સુવાવડમાંથી કંઈ એવો રોગ પેઠો કે એની કેડ જ તોડી નાંખી. નાની નીલાને સાચવવાની, ઘરના કામકાજની, નોકરી કરવાની અને ગુણિયલની ચાકરી કરવાની- આમ બધી જવાબદારી બિહારીને માથે આવી પડી. સવારના વહેલી ઊઠી, કાચુંકોરું પકાવી, નીલાને તૈયાર કરી, ગુણિયલને દવા આપી બિહારી નોકરીએ જતો અને બાકીનું કામ પતાવી દેતો. ઘરનું કામકાજ, નીલાની ઊઠવેઠ અને ગુણિયલની માંદગીમાં એની જિંદગી વણાઈ ગઈ હતી. ઑફિસમાં સૌ કોઈ એના તરફ આદર અને લાગણીથી જોતા. એનું કામ આટોપી આપવામાં મદદ કરતા. પોતાને ઘેર કંઈ સારું ખાવાનું બનાવ્યું હોય તો બિહારી માટે ડબ્બામાં લઇ આવતા અને આગ્રહ કરી જમાડતા. જમતાંજમતાં બિહારીની આંખમાં આંસુ આવી જતાં અને કોળિયો ગળામાં જ ભરાઈ રહેતો.

'નીલુ...નીલુએ જન્મ ધરીને આવું સ્વાદિષ્ટ ક્યારેય ખાધું નથી. રોજ એ જ ભાખરા, ચોપડાં ને શાક.'

બિહારીને અંતરસ જતું અને ગળામાં ભરાયેલો કોળિયો માંડ પાણીને ધક્કે ઊતરતો.

કોઈ નિકટના સાથીઓ તો એને આગ્રહ કરીને જમાડતા અને કહેતાઃ

'નીલુ માટે જુદું પડીકું લાવ્યો છું' ત્યારે એની આંખો અહેસાનથી જોઈ રહેતી.

માંદી ગુણિયલ એવા જ અહેસાનથી બિહારી તરફ જોતી.

'મોટા કરોડપતિને પરણી હોત તોય આવી ચાકરી ન પામત...'

આટઆટલી ચાકરી અને મોંઘીદાટ દવા કર્યા છતાં ગુણિયલના જીવનનો અંત આવ્યો. આ વિશાળ દુનિયામાં બાપ-દીકરી એકલાં પડ્યાં. એકબીજાની ઓથ અને સાથ એમની જિંદગીના ટેકા બન્યા.

તે પછીની બિહારીની જિંદગી એટલે નીલા. સવારના કામમાંથી પરવારી એને નિશાળે મૂકી આવે. ચાર વાગતાં નિશાળેથી ઑફિસે લઈ આવે. નીલા ઑફિસમાં રમે કે વાંચે. ઑફિસનું કામકાજ પતાવી પિતાપુત્રી સાથે ઘેર જાય.

મોસાળેથી મામા-મામી આગ્રહ કરી નીલાને રહેવા બોલાવતાં : પણ એ જતી નહિ. પોતે જાય તો પિતા એકલા શું કરે? નાની ઉંમરે પુત્રીની આ સમજ જોઈ બિહારી હરખાતો.

મા મરી ગઈ તેથી શું પોતે કમ છે કે દીકરીને મોસાળ મોકલી દે.!

મા અને બાપની બેવડી જવાબદારીથી બિહારી એનું જતન કરતો. મા વગરની દીકરીને કોઈ ફસાવી કે ફોસલાવી ન જાય તેની ચાંપતી દરકાર તે રાખતો.

પોતાની જ આસપાસ પિતાના સુખની સીમાઓ અંકિત થયેલી છે એ સમજતાં નાની નીલાને વાર લાગી નહિ. એની નાની દુનિયામાં પિતા સિવાય કોઈ હતું જ નહિ.

નીલા પર સારા સંસ્કાર પડે એ હેતુથી નીતિકથા, મહાપુરુષોનાં જીવનચરિત્ર અને સંતમહાત્માઓના ઉચ્ચ આદર્શની તે વાતો કરતો. જાતમહેનત અને સાદાઈમાં જ સુખ સમાયેલું છે. તેવું પોતાના વર્તનથી અને વાંચનથી વારંવાર ઠસાવતો. ચારિત્ર્ય અને સાદાઈ એટલે બિહારીની દીકરી!

ઠોકીઠોકીને કહેવામાં આવેલી આ વાતોથી નીલાના મગજમાં પણ એવી તીવ્ર છાપ ઉપસી હતી કે બીજી સામાન્ય છોકરીઓ કરતાં નિરાળી છે. બીજી છોકરીઓ આછકલી, ઉચ્છૃંખલ અને અધકચરી છે. એ બધાંના અને પોતાના રાહ ન્યારા છે. કોઈ તહેવાર કે ઉત્સવમાં એ કોઈ સાથે ભળતી નહિ. એનો સમગ્ર રસ ઘર અને પિતામાં સમાપ્ત થતો હતો. પોતાની અને માની પાછળ પિતાએ જે જહેમત અને પરિશ્રમ, ઉઠાવ્યાં હતાં, તેની એના નાનકડા મગજમાં એવી ઊંડી અસર થઈ હતી કે કોઈનાય કહ્યા વગર એણે પિતાજીનો ભાર હળવો કરવા માંડ્યો.

જેટલી બિહારી એની દરકાર રાખતો એટલી જ નાના હાથે એણે બિહારીની રાખવા માંડી. સવારનાં દાતણ, મંજન અને લોટો ગોઠવી બિહારીને ઉઠાડતી, નાહવા માટે ગરમ-ઠંડા પાણીની ડોલો ચકચકિત ઘસીને રાખતી. ટુવાલ અને કપડાં ગોઠવી નાહવા માટે બોલાવતી. બિહારી નાહી ઊઠે તે પહેલાં પૂજાનો સામાન, પ્રસાદ અને માળા નજર પડે એ રીતે તૈયાર રાખતી. છાપાં અને ટપાલ મુકરર જગ્યાએ રાખતી. નિશાળનાં સમય પહેલાં બધું પરવારી જતી અને બાપ-દીકરી સાથે નીકળી જતાં.

નિશાળેથી સીધી ઘરે આવી અને તરત જ કામે ચઢી જતી.

પોતાની દીકરી આજકાલની છોકરીઓ કરતાં બધી જ રીતે ચઢિયાતી છે એ વિચારે બિહારીની છાતી ગજગજ ફૂલતી. આમ છતાં એની વધતી જતી ઉંમર જોઈ એક પ્રકારની સતત મૂંઝવણ એને સતાવ્યાં કરતી. નીલાને લાયક છોકરાઓની તે ચકાસણી કરવા લાગ્યો. નીલાની સરખામણીમાં દરેક છોકરાની ગુણવત્તા અને કક્ષા ઊતરતી જ લાગતી. પોતાનામાં અને પારકામાં એટલો ભેદ હોય જ એમ વિચારી એણે નીલા માટે પ્રયાસો શરૂ કરી દીધા.

નીલાની સંમતિ પછી જ આ અંગે આગળ પગલું ભરવું સારું એમ સમજી એ એના વિચારો જાણવા કોશિશ કરતો; પણ નીલા તો આ અંગે કંઈ વિચાર કરવા જ ના પાડતી.

'મારે તો મીરાંબાઈ થવું છે.'

પોતાના તરફની લાગણીને લીધે પુત્રી ના કહે છે એમ સમજી બિહારીએ હેતથી સમજાવ્યું કે એનાં સુખસગવડ અને સલામતીમાં પોતાની શાંતિ અને આબાદી સમાઈ છે. આમ સમજાવ્યા છતાં જ્યારે નીલાએ પોતાની હઠ ચાલુ રાખી, ત્યારે બિહારીને થયું આટલી શાણી દીકરીને પણ હજી સંસારની ગંભીરતાનો ખ્યાલ નથી. કદાચ શરમની મારી પણ ના-ના કહેતી હોય; કંઈ નહિ, એકવાર નક્કી કરીશું એટલે એની મેળે વળી જશે.

આ વિચારે એણે સર્વ દિશામાં પ્રયત્નો આદરી દીધા. મામા, જયાબા - સૌને નીલા માટે સારો સાથી શોધવા કહ્યું ત્યારે કેવો મુરતિયો જોઈએ તે અંગે ઝીણવટથી સમજાવ્યું. બધી રીતે યોગ્ય મળે તો જ આપણે આગળ પગલું ભરવું. આપણી દીકરી ફરિયાદ કરતી ઘરે ન આવવી જોઈએ કે દુ:ખી થવી ન જોઈએ.

નીલાને મેળવવા કંઈ કેટલાય છોકરાઓ પડાપડી કરે છે. સુંદર, દેખાવડો યુવાન, ચારિત્રશીલ વર, સરસ ઘર, ઉચ્ચ કુટુંબ - બધું જ નીલાને સામે ચાલીને મળ્યું. એમાંથી કોને પસંદ કરવો એવી મીઠી મૂંઝવણ અને કાલ્પનિક સુખની સમાધિમાંથી સખત આંચકા સાથે એ જાગી ઊઠ્યો. સૌ તરફથી એકસરખો જવાબ આવ્યો :

'છોકરી આમ સારી ખરી, પણ જમાના પ્રમાણે રહેતાં નથી આવડતું.'

'કેવાં કપડાં પહેરે-ઓઢે છે ! સિનેમા-નાટક વિષે તો જાણતી જ નથી. આજની છોકરીઓ જેવી નહિ.'

'દેખાવે સારી છે તેથી શું ? જુવાનીનો તરવરાટ ન મળે. અકાળે વૃદ્ધ થઈ ગઈ છે !'

'હોશિયાર હોશિયાર બધા કરે તેથી શું દા'ડો વળવાનો ? આપણે ઓછી તત્ત્વજ્ઞાનની ચર્ચાઓ કરવાની છે ? આપણે કંઈ ઘરકામ કરવાવાળી નથી જોઈતી. છોકરા સાથે બે ઘડી હસી-બોલી મન બહેલાવી ન શકે તો શા કામની ? જમાના પ્રમાણે...'

આવા જવાબોએ બિહારીના સમગ્ર અસ્તિત્વને હચમચાવી નાખ્યું. ધગધગતા તાપ ઉપર મૂકેલું લોખંડ જેમ ધમણના એકએક આંચકે વધુ ઊછળે તેમ આવા એક એક જવાબથી બિહારીના જ્ઞાનતંતુઓ તપીતપીને છૂટા પડતા હતા. પવનનો તીક્ષ્ણ સુસવાટ કાનને વીંધી આરપાર નીકળી જાય અને ધાક પાડતો જાય તેમ આ જવાબો એના હૃદયને આરપાર વીંધી પરાજયથી મૂઢ બનાવી ગયા. હોંશથી ઊભી કરેલી નવી ઇમારત પહેલા જ ચોમાસે બેસી જાય તેવું એનું મન ભાંગી ગયું; પિલાઈ ગયું.

'નીલાનું આવું નસીબ ? નીલાનું આ ભાવિ?''

'નીલાને આ જવાબની ખબર પડે તો?'

મનને વાળી એણે નીલાને હસતાં-હસતાં કહ્યું : ''નીલા! તું મીનાની જેમ બે સેર વાળ ને !''

નીલા બિહારી સામે કૃત્રિમ રોષથી જોઈ રહી. થોડી વારે હસીને લાડથી કહ્યું :

''છી...છી... બોચીમાં વાળ લટક્યાં કરે તે મને ફાવે જ નહિ... નખરાળી છોકરીઓ બે સેર વાળે. મને તો અંબોડો જ ગમે.''

આવા જવાબથી પહેલાં ખુશ થનાર બિહારી છોભીલો પડી ગયો. પોતાની વધતી જતી ઉંમરને લીધે હમણાં-હમણાં પિતાજી જુદી રીતે વિચારી રહ્યાં છે એમ નીલાને લાગતું હતું.

વળી થોડા દિવસ પછી હિંમત કરી બિહારી બજારમાંથી સરસ સાડી લઈ આવ્યો.

''નીલા ! તું આ સાડી પહેર. આજે આપણે સિનેમા જોવા જઈએ.''

''ના મને આવી ઝીણી સાડી પહેરવી ગમે જ નહિ. આછકલું લાગે! ક્યું પિકચર સારું છે કે જોવાનું મન થાય?''

આ જવાબ પછી એને થયું કે 'પિતાજીને હમણાં એકલવાયું લાગે છે. હું ગમે તેટલું કરું તોય...' અને આ વિચાર સાથે બિહારીને રુચે તેવું કરવા એ તૈયાર થઈ.

''તમને મન હોય તો ચાલો જોવા જઈએ.'' વળી અટકી એણે કહ્યું, ''તમને વળી ક્યારથી આવા સિનેમા જોવા જવાનું મન થયું? મને મન થયું હશે એવા ખ્યાલથી પૂછતા હો તો ભૂલ કરો છો, હોં!''

નીલાના આ જવાબથી બિહારી વિચારમાં પડી ગયો. કોઈ ભૂલ કરતાં જાણે પકડાઈ ગયો હોય એવા ભાવથી એણે કહ્યું :

''હા...હા...હું તારી પરીક્ષા કરતો હતો.''

''એમ તે કંઈ હું નાપાસ થાઉં! કોની દીકરી છું...?''

નીલાના આવા જવાબથી પહેલાં તો બિહારી કેટલો હરખાતો! પણ આજે કૃત્રિમ હાસ્ય સાથે એણે કહ્યું:

''ના...ના..પણ નીલા! તારે હવે થોડાં સારાં કપડાં, ઘરેણાં પહેરી બધાં સાથે ભળવું જોઈએ, ફરવું જોઈએ.''

''કંઈ કારણ ?'' નીલાએ લાડથી લહેકો કરી પૂછ્યું.

''કારણ..કારણ...કે...કારણ કે...આવું ના કરે તો પછી તને પરણે કોણ?''

''તે અહીં પરણવું છેય કોને?''

નીલાના આવા લાડ અને લહેકાથી ખુશ થવાને બદલે બિહારીની ચિંતાઓ અનેકગણી વધી ગઈ. નીલાના જવાબથી બિહારીને થાક લાગ્યો. નીલાને સમજાવી એને કહેવું હતું કે...

આ ડોશીવેડા કામ ન લાગે. જમાના પ્રમાણે તારે રહેવું જોઈએ...' પણ કયા મોંએ એ કહી શકે? જેણે આટલાં-આટલાં વર્ષોથી સાદાઈના ઉપદેશો આપ્યા હતા તે એની વિચારસરણી કેવી રીતે એકદમ બદલી નાંખે? એને ગળે એ કેમ ઊતરે? પોતાના કરતાં જયાબા કે મામા સારી રીતે સમજાવી શકશે એમ માની એણે વાત એમના પર છોડી, પણ એ બંનેએ હાથ ધોઈ નાખી કહ્યું :

''તમારું શીખવ્યું એવું પટપટ બોલે છે કે... ઘડીભર આપણને ટાઢાં કરી દે. ત્યાં ઠાઠ સજવાની વાત કયે મોંએ કરાય? એની વાતેય ખોટી નથી પણ... એ ઉંમરે આવા સાધુવેડા કરે તો બધાં ના જ કહે ને? આજકાલ તો છોકરાંઓને બહારના ભભકા ને ઠાઠ જોઈએ છે. અંદરના હીરની કોઈને પડી નથી. હજી ઉંમર છે, જુવાન છે ત્યાં સુધી વિચારશે તો ઠીક; નહિ તો પછી કાયમ માટે રખડી પડશે.''

પોતે શીખવેલા સાચા પાઠનું વિપરીત પરિણામ જોઈ બિહારી હતાશ થઈ ગયો. આ નિરાશાથી અકળાઈ, કદી ઊંચે સાદે દીકરીને ન કહેનાર બિહારીથી ગુસ્સામાં કહેવાઈ ગયું :

''દરેક વાતની ના-ના કરે છે પણ એવો વિચાર કર્યો કે કોણ હાથ પકડશે? મારી ચિંતાનો વિચાર કરીશ કે નહિ? તારી ચિંતામાં અને લાયમાં હું અડધો થઈ ચાલ્યો. મને જીવતો મારી નાખવો હોય તો તું જાણે...''

જિંદગીમાં પહેલી જ વાર બિહારીએ નીલા પર ગુસ્સો કર્યો અને પહેલી જ વાર નીલાએ પિતાનું આ સ્વરૂપ જોયું. ઘડીભર તો એ ચોંકી ઊઠી, પાછી પડી ગઈ. એના હોઠ સંકોચાયા, ભ્રમરો ખેંચાઈ ગઈ અને આંખમાં આવેલાં પાણી મહાપરાણે એણે રોક્યાં. એને મા યાદ આવી.

''ઓ...મા...!'' કહી ડૂસકું લેવાઈ ગયું.

પોતાની વધતી જતી ઉંમર, માની ગેરહાજરીમાં પિતાની બેવડી જવાબદારી, ક્યારેય ઊંચે સાદે ન બોલનારા પિતાનો આવો ઉગ્ર પ્રકોપ - આ બધાંની પાછળ કંઈક મહત્ત્વની ઘટના બની છે એમ એના નાનકડા મને તરત ગાંઠ બાંધી. પિતાજીની નિરાશા, વ્યગ્રતા અને હતાશાને સમજી એણે એમની પાસે જઈ કહ્યું :

''તમે શાંતિ રાખો...''

ચારેપાસથી મૂંઝાયેલા માણસને કોઈ સહારો ન દેખાતાં જેમ આંખે અંધારા આવી જાય, તમ્મર આવી જાય તેમ બિહારીને થયું.

તે દિવસે બપોરના બિહારી સૂતો હતો ત્યાં બારણેથી જ નીલાએ કહ્યું :

''મામાને ત્યાં જાઉં છું. આવતાં મોડું થશે.''

નીલાને જતી રોકવાનું એને મન થયું, પણ એના પગ લથડિયું ખાઈ ગયા અને હોઠ ભારથી બિડાઈ ગયા.

રસ્તો ઓળંગી જતી નીલાને જોઈ એનું હૈયું ગદ્‌ગદિત થઈ ગયું.

'કેટલી પ્રભાવશાળી લાગે છે! પોતાની કિંમત બોલવવા શું એણે બજારભાવ પ્રમાણે વર્તવું?'

આ વિચાર સાથે જ અનું હૈયું મુક્ત મને એકાંતમાં રડી પડ્યું.

'અરે રે! નીલુને કેવી દુઃખી કરી...! મેં ક્રોધને વશ થઈ એને શું કહી નાંખ્યું? મેં... મારી દીકરીના હૈયાને દઝાડ્યું ! મા વિનાની દીકરીને..એની લાગણીના ચૂરેચૂરા કરી નાંખ્યા.'

મોસાળથી એને પાછી મનાવી લાવવાનો અને માફી માગવાનો એને વિચાર આવ્યો.

'ના, ના, મારા આવા વર્તનથી એનું મન કેટલું ભરાઈ ગયું હશે! કંઈ નહિ તો ત્યાં હળવું તો થશે. ગમે તેટલું તોયે એનું સરખેસરખું અહીં કોણ? ત્યાં મીના પાસે...'

આ વિચાર સાથે એ પાછો પડ્યો.

'પણ હું ત્યાં જઈ કંઈ નહિ કહું . એક શબ્દ પણ નહિ બોલું . બસ એને જોઈ પાછો ફરીશ.' ત્યાં ટીખળી મને ટકોર કરી.

'એમ કાંઈ એ બાઘી છે? આવી ધારદાર છોકરીને સમજી જતાં કંઈ વાર લાગશે? જ્યારેએ જાણશે કે તમે ચારેપાસથી ઘેરાઈ ગયા છો ત્યારે તમારો માર્ગ મોકળો કરવા એ જરૂર જરૂર...ખસી...જશે.'

મનનાં આવાં મહેણાંટોણાંથી વધારે દાઝી ઊઠયો. ગુણિયલની ગેરહાજરી એને વર્તાવા લાગી. પોતાના એકલા પર બોજો નાંખી એ જતી રહી એટલે એના પર પણ ચીઢ ચઢવા લાગી.

થોડી વાર શાંતિથી ઊભો રહ્યો. મનનું વાવાઝોડું પણ થાક્યું હતું. એણે સ્વસ્થ પ્રયત્નો કરવા માંડ્યા. ખોટા વિચારોને માથું ઝાટકી દૂર કર્યા.

'ગુણિયલની દીકરી... છેલ્લે પાટલે બેસે જ નહિ.'

સ્વસ્થ મનની આ શ્રદ્ધા સાથે એનામાં 'હાશ' કરવાની હિંમત આવી.

પગની ઠેસથી એણે હીંચકાને લાત મારી. પવનની લહર આવી ને મનમાં મૂંઝારો સહેજ હળવો થયો. એણે બહાર નજર કરી તો ચારે બાજુ ખાસ્સું અંધારું જામી ગયું હતું. કંઈ કેટલોય સમય પસાર થઈ ગયો તેની ખબરે ન પડી. અંધારું...એકાંત અને એકલી નીલા...દાબેલી આશંકાઓ ફરી વીજળિક ગતિથી જાગ્રત થઈ.

'આટલું મોડું કદી થયું નથી. ગમે તેટલું તોય એ બાળકબુદ્ધિ...દુઃખી માણસ શું ન કરે?'

ગભરાયેલો - ગભરાયેલો એ ઊભો થયો.

ત્યાં બહારનો ઝાંપો ખખડયો અંધારામાં પણ નીલાની આકૃતિ તરત જ વર્તાઈ પણ એનો પહેરવેશ...ઠાઠ...

બે લટો, રેશમી આડી સાડી...મોં પર પાઉડર, આંખની બહાર ખેંચેલી મેશ...હીલવાળાં ચંપલ.

બિહારી ઘેલાની જેમ નીલા સામે તાકી રહ્યો. નીલાએ શાંતિથી કહ્યું :

''મીના પાસેથી બધું શીખી લીધું. મામા કહે છે મીના કરતા પણ હું સુંદર લાગું છું. નાની રમાડવા જેવી ઢીંગલી... બોલો, હવે છે ચિંતા...?'

ઢીંગલી...સુંદર ઢીંગલી...

નીલાના એકએક શબ્દે બિહારીના હૃદયનો કૂચો કરી નાંખ્યો. ઢીંગલી જેવી શણગારેલી દીકરી સામે જોઈ, કોઈ સતી સાધ્વીને પરાણે શણગારી હોય તેવો ભાસ થયો. એના પર અત્યાચાર કરી કોઈએ ઠાઠ સજવ્યો હોય એવું એને લાગ્યું.

નીલા..એ નીલા જ નહિ. બદલાઈ ગયેલી નીલા... નીલા નહિ પણ ઢીંગલી...ખોટીખોટી...રમકડાંની ઢીંગલી...બજારમાં મૂકવા જેવી...શૉ-કેસની ઢીંગલી...ભરખી ખાતું રમકડું !

બિહારીનું મોં લેવાઈ ગયું. ફિક્કા મોં પરની આંખો કશુંક શોધતી હતી.

નીલા સામે આવીને ઊભી રહી. સહેજ હસી ત્યારે બિહારીના હૈયા પર ચિરાડો પડયો. નીલાનો હાથ પકડી એણે આંખ પર દાબી દીધો.

''મારા બોલ્યા સામું ન જોઈશ, બેટા!...મારા ક્રોધ સામું ન જોઈશ, દીકરા...!''

નીલો મમતાથી બિહારીને માથે હાથ મૂક્યો, ત્યારે એની આંખો આંસુથી ભરાઈ ગઈ હતી.

''ના...ના, નીલા! તને ગમે તે રીતે તું...રહે...બેટા...!''

''નીલા ! ...તું હતી...તેવી...''

બંને દભાયેલાં હૈયાંએ એકબીજામાં વિસામો શોધવા પ્રયત્ન કર્યો. નીલાની આંખો સામે બિહારી જોઈ રહ્યો ત્યારે એક પછી એક શાણી નીલાની છબીઓ પડ વીંધતી બહાર આવી - ગુણિયલની નાની તસવીર જેવી.

### શબ્દાર્થ

**સમવયસ્ક** સરખી ઉંમરનું, સમોવડિયું **ઊઠ-વેઠ** વેઠરૂપ શ્રમ (અહીં) સેવા સંભાળ **અંતરસ** પાણી કે ખોરાકનું શ્વાસનળીમાં પેસી જવું તે **ઉચ્છૃંખલ** ઉછાંછળું, ઉદ્ધત **મીરાંબાઈ થવું છે** (મીરાંબાઈ જેવો) વૈરાગ્ય લેવો છે

### રૂઢિપ્રયોગ

**હાથ પકડવો**(અહીં) લગ્ન કરવું **હૃદયનો કૂચો કરી નાંખવો** લાગણીઓ કચડી નાંખવી **છેલ્લે પાટલે બેસવું** આત્યંતિક નિર્ણય લેવો

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) રંગરંગીન પોશાકમાં હસતી-કૂદતી કન્યાઓને જોઈને બિહારીને શો વિચાર આવ્યો ?

(2) મરણ પથારીએ પડેલી ગુણિયલની સેવા કરતા બિહારીને જોઈને ગુણિયલ શું વિચારે છે ?

(3) નીલાએ મામાને ઘેર જઈને મીના પાસેથી કેવા સાજશણગાર શીખી લીધા ?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગુણિયલના અવસાન પછી બિહારી પર કેવી કેવી જવાબદારી આવી પડી ?

(2) નીલા પર સારા સંસ્કાર પડે એ માટે બિહારીએ શું શું કર્યું ?

(3) બિહારીને નીલાને જોવા આવવાવાળાના કેવા કેવા પ્રતિભાવો મળતા ?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) બિહારીના મનને ક્યા વિચારો કોરી ખાતા હતા? શા માટે ?

(2) બિહારી પ્રત્યે ઑફિસના સાથીઓ કેવા પ્રકારની લાગણી દર્શાવતા હતા ?

(3) બિહારીની મનોવ્યથા તમારા શબ્દોમાં વર્ણવો.

(4) 'જમાના પ્રમાણે' શીર્ષકની સાર્થકતા દર્શાવો.

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- 'તમને ગમીને', 'સેલ્વી પંકજમ્' ઈવાડેવની આ બંને વાર્તાઓ મેળવીને વાંચો.
- વર્ગખંડમાં આ વાર્તાને કેન્દ્રમાં રાખીને ચર્ચાનું આયોજન કરો.

## ભાષા-અભિવ્યક્તિ

આ નવલિકામાં બિહારીનું મનોમંથન લેખિકાએ વર્ણનાત્મક શૈલીમાં કર્યું છે ભાષા સરસ છે. અધૂરાં મૂકાયેલાં વિધાનો બિહારીની મનોવ્યથા અને મંથનને આબેહૂબ રજૂ કરે છે.

બિહારીનો ક્રોધ વરતી ગયેલી નીલા તેના પિતાને ખુશ કરવા ટાપટીપ કરીને આવે છે ત્યારે બિહારીની વ્યથા અધૂરા મૂકાયેલા વિધાનોમાં સરસ રીતે ઉપસી આવી છે.

'નીલા...એ નીલા જ નહિ. બદલાઈ ગયેલી નીલા... નીલા નહિ પણ ઢીંગલી...ખોટી ખોટી...રમકડાંની ઢીંગલી...બજારમાં મૂકવા જેવી...શૉ-કેસની ઢીંગલી...ભરખી ખાતું રમકડું !

તે આ સંવાદને નિરાંતે વાંચો-સમજો. તમે જોશો કે ધીમે ધીમે વિશેષણોની પસંદગી ચઢતા ક્રમમાં થઈ છે અને છેલ્લે ભરખી ખાતું રમકડું !

## શિક્ષકપ્રવૃત્તિ

- ભારતીય સંસ્કૃતિ વિશે વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ સોંપો.
- પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કેટલું ખતરનાક છે તે સમજાવો.
- બાપ-દીકરીના સ્નેહને વ્યક્ત કરતા પુસ્તક 'દીકરી વહાલનો દરિયો', 'દીકરી તુલસીનો ક્યારો' મેળવી વિદ્યાર્થીને વાંચવા આપો.

•

# 23 સહી નથી

**'જલન' માતરી**
**(જન્મ : 1-9-1934)**

ગઝલકાર જલાલુદ્દીન સઆહુદ્દીન અલવી ખેડા જિલ્લાના માતર ગામના વતની છે. ગુજરાત વાહનવ્યવહાર નિગમમાંથી સેવામુક્ત થઈને હાલ તેઓ અમદાવાદમાં રહે છે. 'જલન' એમનો ગઝલસંગ્રહ છે. 'ઊર્મિની ઓળખ' એ 'કુમાર' માસિકમાં પ્રકાશિત શાયરોના પરિચયોનું સંપાદન છે.

ગઝલસર્જન અને મુશાયરા-પ્રવૃત્તિ એમ બંને રીતે ગુજરાતી ગઝલક્ષેત્રે એમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. પરંપરિત ગુજરાતી ગઝલસ્વરૂપ સાથે નિસ્બત ધરાવતા 'જલન' એમની ગઝલોમાં ભાષાની સાદગી તેમજ સહજ અભિવ્યક્તિ દ્વારા ભાવનો સાક્ષાત્કાર કરાવે છે. ગઝલો ઉપરાંત એમનાં મુક્તકો લાઘવ અને ચોટને કારણે વિશેષ નીવડ્યાં છે.

ગઝલ એ અરબી-ફારસી ભાષાનું સાહિત્ય સ્વરૂપ છે. ગઝલનો પ્રત્યેક શેર સ્વતંત્ર અર્થ ધરાવે છે. છતાં, એ બધા શેર કોઈ એક ભાવથી જોડાયેલા હોય છે.

આ ગઝલનો દરેક શેર સ્વતંત્ર છે. ગઝલકાર માનવીથી તેમ જિંદગીથી પણ ખાસ સંતુષ્ઠ નથી. શ્રદ્ધા અને બંદગીમાં સ્થિરતા અને એકાગ્રતાના એ આગ્રહી છે. પહેલા શેરમાં ધર્મને નામે રમખાણો ને આગ ચાંપતા માણસ કરતાં શયતાનને પ્રમાણમાં સારો ગણ્યો છે. બીજા શેરમાં પણ માણસજાતની દાનત સામે કવિને શંકા છે. પોતાના ભાગ્ય વિશે અસંતુષ્ઠ કવિ, એ ભાગ્ય માણસે નથી લખ્યું એનો સંતોષ લે છે! સ્વર્ગ ના હોવા વિશે પણ કવિને શંકા છે; પરિણામે મરવાની ઉતાવળ તેમને નથી. પર્વત અને નદીનો સંબંધ પિતા-પુત્રીનો અને નદી-સમુદ્રનો પતિ-પત્નીનો કવિઓએ કલ્પ્યો છે. ચોથા શેરમાં એનો લાભ કવિએ લીધો છે. શ્રદ્ધાને જ સત્યરૂપે જોવા તે કહે છે, શ્રદ્ધાને જ તે સર્વસ્વ માને છે. શયતાનથી પણ ક્રૂરતાપૂર્વક માણસ વર્તી શકે એ વાત છઠ્ઠા શેરમાં કરી છે. જીવનમાં દુઃખ, દર્દ, પીડા, વેદનાનો એટલો તો પ્રભાવ છે કે જરાક જેટલું સ્મિત અતિ ગૌણ બની રહે છે. બંદગીમાં મનની સ્થિરતાનો આગ્રહ છે. અંતિમ શેરમાં મૃત્યુના આઘાતને ગૌણ ગણતા કવિ જીવનના આઘાતથી જ વ્યથિત છે!

---

મજહબની એટલે તો ઇમારત બળી નથી,
શયતાન એ સ્વભાવે કોઈ આદમી નથી.

તકદીર ખુદ ખુદાએ લખી પણ ગમી નથી,
સારું થયું કે કોઈ મનુજે લખી નથી.

ત્યાં સ્વર્ગ ના મળે તો મુસીબતનાં પોટલાં,
મરવાની એટલે મેં ઉતાવળ કરી નથી.

કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય,
નિજ ઘરથી નીકળી નદી પાછી વળી નથી.

શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર ?
કુરઆનમાં તો કયાંય પયમ્બરની સહી નથી.

હિચકારું કૃત્ય જોઈને ઇન્સાનો બોલ્યા,
લાગે છે આ રમત કોઈ શયતાનની નથી.

ડુબાડી દઈ શકું છું ગળાબૂડ સ્મિતને,
મારી કને તો અશ્રુઓની કંઈ કમી નથી.

ઊઠબેસમાં જો ભૂલ પડે મનના કારણે,
એ બંદગીનો દ્રોહ છે, એ બંદગી નથી.

મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે 'જલન',
જીવનની ઠેસની તો હજુ કળ વળી નથી.

**'જલન' માંથી**

### શબ્દાર્થ

**મજહબ** ધર્મ **શયતાન** બદમાશ **તકદીર** નસીબ, કિસ્મત **મનુજે** માણસે, મનુષ્યે **પુરાવો** સાબિતી **કુરાન** મુસલમાનોનો મુખ્ય ધર્મગ્રંથ **પયંબર** પેગંબર, માણસ માટે ખુદાનો સંદેશવાહક **સહી (ખત, કાગળમાં)** નીચે પોતાનું નામ લખવું તે, મતું **હિંચકારું** હિનકોટિનું **ગળાબૂડ** ગળાસુધી ડૂબેલું **કને** પાસે **બંદગી** પ્રાર્થના **દ્રોહ** દગો

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભાગ્ય વિશે ગઝલકાર શું માને છે ?

(2) કવિ મરવાની ઉતાવળ શા માટે કરતા નથી ?

(3) શ્રદ્ધા વિશે કવિનો શો ખ્યાલ છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) હજુ સુધી ઘેર કોણ પાછું ફર્યું નથી? શા માટે ?

(2) મૃત્યુની ઠેસ વિશે ગઝલકાર શું વિચારે છે?

**3. નીચેના પ્રશ્નની મુદ્દાસર નોંધ લખો :**

'સહી નથી' ગઝલનો કેન્દ્રવર્તી ભાવ સ્પષ્ટ કરો.

### વિદ્યાર્થીપ્રવૃત્તિ

- તમારી પસંદગીના બે શેર પસંદ કરી, કંઠસ્થ કરો.
- જાણીતા ગઝલકારોની પ્રાપ્ત માધ્યમો દ્વારા ત્રણ ગઝલો મેળવીને લખો.

### ભાષા-અભિવ્યક્તિ

ગઝલનું સ્વરૂપ મિજાજથી સભર હોય છે. ઈશ્કે હકીકી'ની આ ગઝલમાં અનેકાનેક શબ્દવૈભવથી અર્થવૈભવ સુધી પહોંચી શકાય છે.

**'કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય,**
**નિજ ઘરથી નીકળી નદી પાછી વળી નથી.'**

'વિદાય' શબ્દને પર્વત-નદીનાં સંદર્ભમાં પ્રયોજીને યોગ્ય ભાવ પ્રસ્થાપિત કરાયો છે વળી, 'શુકન' કેવા? સારાં કે માઠા? હજુ નદી પાછી વળી નથી. અહીં પર્વતની પીડાનો બોધ થાય છે.

**'મૃત્યુની ઠેશ વાગશે તો શું થશે 'જલન'**
**જીવનની ઠેસની તો હજુ કળ વળી નથી.'**

'મૃત્યુની ઠેસ' અને 'જીવનની ઠેસ' બંને સ્થિતિ દુઃખદ છે. વળી, 'ઠેસ' તળપદો શબ્દ કેવી સુંદર રીતે ગઝલમાં સ્થાન પામી જાય છે. આવી ચમત્કૃતિ ગઝલના સ્વરૂપમાં જ આવી શકે.

### શિક્ષકપ્રવૃત્તિ

- શ્રેષ્ઠ ગુજરાતી ગઝલો, સીડી દ્વારા વિદ્યાર્થીઓને સંભળાવો.
- એકાદ ગઝલકારની મુલાકાત ગોઠવો.

•

# 24 રેફરન્સ બુક

**ઈજ્જતકુમાર ત્રિવેદી**
**(જન્મ : 05-4-1935; અવસાન : 26-6-2012)**

હાસ્યલેખક, લઘુકથાકાર ઈજ્જતકુમાર રેવાશંકર ત્રિવેદીનો જન્મ લીલીયા (મોટા)માં થયો હતો. 1955 માં મહુવાથી મેટ્રિક, 1967માં ઈતિહાસ વિષય સાથે એમ.એ. થયા બાદ 1970 થી શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગરમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી હતી.

'મોનાલીસા' અને 'હળવે હાથે' એ બે હાસ્યલેખોના સંગ્રહો છે. 'કાસમ માસ્તરનું વસિયતનામું' ગુજરાતી સાહિત્યનો પહેલો લઘુકથાસંગ્રહ છે. 'કાંટા : ગુલાબ અને બાવળનાં', 'સુદામાનાં તાંદુલ', 'વામનનાં પગલાં', 'રાયના દાણા', 'ઘરદીવડા', અને 'સાતમો કોઠો' જેવા લઘુકથાઓના સંગ્રહો પ્રકાશિત થયા છે. એમની પાસેથી બસો ઉપરાંત લઘુકથાઓ પ્રાપ્ત થાય છે. ઘણી હિંદી-અંગ્રેજીમાં ભાષાંતર પામી છે. એમનું જીવનતપ લઘુકથાને અર્પણ રહ્યું છે. લઘુકથા-સાહિત્યસ્વરૂપના ઈતિહાસમાં તેમનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે.

આ લઘુકથામાં માતૃપ્રેમની તીવ્ર ઝંખના અનુભવાય છે. દારુણ ગરીબીમાં પણ પોતાના પુત્રને ભણાવવાના અભરખા રાખનાર માતાના સ્નેહની અનુભૂતિ થાય છે. ભણી-ગણીને ડૉક્ટર થયેલો કથાનાયક જીવનમાં બાના જેવો નિર્વ્યાજ પ્રેમ કદાપિ પામી શક્યો નથી. જીવનમાં જ્યારે જ્યારે માતાની જગ્યાનો ખાલીપો અનુભવાય છે ત્યારે ત્યારે માતાની સ્મૃતિ રૂપે સાચવેલી વસ્તુઓનો પિટારો ખોલી બેસી જાય છે. ચિડાયેલી પત્નીના પ્રશ્નનો ઉત્તર આપતાં તે કહે છે. આ પોટલીમાં મારા જીવનની રેફરન્સ બુક છે. રેફરન્સ બુક માત્ર અભ્યાસ માટે જ નથી હોતી, જીવન-અભ્યાસ માટે પણ હોય છે. પરંતુ પત્નીને એ વાત સમજાવી શકે તેમ નથી. માતાનાં સ્મૃતિચિહ્નોમાંથી કથાનાયક સતત જીવનબળ મેળવે છે. જાણે એ પોટલી કથાનાયકની નોળવેલ ન હોય!

---

આજે પણ મને બાપુજી કરતાં બા બહુ યાદ આવે છે. બાપુજી તો હું સાવ નાનો હતો ત્યારે ગુજરી ગયેલા. હું પંદર વર્ષનો થયો ત્યાં સુધી તો બા હતાં. કુટુંબમાં હું અને એક બહેન એમ અમે બે જ ભાંડરડાં હતાં. બાની ઈચ્છા એવી હતી કે હું ખૂબ ભણીને મોટો માણસ થાઉં. બાપુજીના અવસાન પછી બા બિચારી પારકાં દળણાં દળીને, કોઈનાં કપડાં ધોઈને કે પારકાં વાસણ ઉટકીને પણ અમને ભાઈ-બહેનને ભણાવતી.

સાંજના હું નિશાળેથી આવું એટલે સૌ પ્રથમ બા મને એક પળી તાજું દૂધ પીવરાવી દેતી. નિશાળમાં હું આજે શું શું શીખ્યો તે પુછતી અને પછી પારકાં કામ કરવા ઊપડી જતી. રાત પડે ત્યારે શેઠિયાઓના ઘરેથી વધેલું ઘટેલું ઢાંકી ઘરે આવતી. તેમાંથી પહેલાં મને ખવરાવતી, પછી બહેનને અને છેલ્લે એ વધેલા-ઘટેલામાંથી પણ વધેલું-ઘટેલું પોતે ખાતી.

રાત્રે હું ફોટા વગરના મોઢિયા ફાનસના અજવાળામાં વાંચવા બેસું ત્યારે બા મારી પાસે બેસીને બજર ઘસતી બેસતી. બા તો બિચારી અભણ હતી તેથી તેને કંઈ ખબર પડતી નહીં પણ મને ભણાવવાની ઉત્કંઠા એટલી તીવ્ર હતી કે ઘણી વખત પોતાની આંગળી ચિંધીને મારા ટેબલ પર પડેલું કોઈ પુસ્તક બતાવતાં કહેતી, 'ભાઈ! આ લાલ પુંઠાવાળી ચોપડી તેં હમણાં હાથમાં લીધી જ નથી, ભુલી તો ગયો નથી ને?'.... બાના પ્રશ્નનો જવાબ હું હસીને આપતો કે, 'બા! એ તો રેફરન્સ બુક છે એટલે જરૂર પડે ત્યારે જ જોવાય...'

'ઠીક ભાઈ.'

'તને ખબર હોય પછી કોઈ ચિંતા નથી,' એમ કહીને બા મારા માટે ચા બનાવવા રસોડામાં જતી રહેતી. હું મેટ્રિકની પરીક્ષા દેવા ગયો તે દિવસે બાએ બે પૈસા ઉછીના ઉધાર કરીને પણ લાપસી રાંધી હતી.

હું મેટ્રિકમાં પાસ થયો એ પછીના મહિનામાં જ બાનું અવસાન થયું! બા વગરના જીવવાના વિચાર માત્રથી હું થરથરી ઊઠયો હતો. બાની કોઈ તસવીર તો હતી નહીં તેથી બાની સ્મૃતિ જાળવી રાખવા બાની તપકીરની ડબલી, એક ડાંડલી તૂટી ગયેલાં ચશ્માં, જે સાડલાના છેડાથી બાએ મારી આંખનાં આંસુ મરતી વખતે લૂછયાં હતાં તે સાડલો અને જે ડબ્બામાં બા મારા માટે 'ભાગ' રાખી મૂકતી તે ડબ્બો આ બધી વસ્તુ એક પોટલીમાં બાંધીને એક બેગમાં તાળું મારીને સાચવી રાખી હતી.

પછી તો બાના આશીર્વાદથી હું ખૂબ ભણીને ડૉક્ટર થયો. એક મોટી હૉસ્પિટલમાં હું ચીફ મેડિકલ ઑફિસર પણ થયો, પણ બાના જેવો નિર્વ્યાજ પ્રેમ હું કદાપિ પામી શક્યો નહીં. મારી પત્ની પણ એક ડૉક્ટર છે. જેણે અમારાં બધાં છોકરાંઓને અંગ્રેજી માધ્યમમાં જ મોટાં કર્યાં છે. માની જેવો નિર્વ્યાજ પ્રેમ માણવાનો કે જોવાનો પણ મને કદી અવસર મળ્યો નથી. તેથી દોમ દોમ સાહ્યબીમાં પણ હું કદી કદી બેચેન બની જાઉં છું ત્યારે છાનોમાનો પેલી બેગ ખોલીને બાની સ્મૃતિની પેલી પોટલી ખોલીને બેસું છું. મારી પત્ની ચિડાઈને પૂછે 'બેગમાં એવું શું લખ્યું છે કે આમ ગાંડાની જેમ વારેઘડીએ બેસી રહો છો?'

'આ પોટલીમાં મારા જીવનની એક રેફરન્સ બુક છે. જરૂર પડે ત્યારે તે જોઉં છું' એમ કહીને હું પોટલી ખોલવા બેસી જાઉં છું.

મારી મુશ્કેલી એ હતી કે હું તેને સમજાવી શકું તેમ ન હતો અને તેની મુશ્કેલી એ હતી કે તે સમજી શકે તેમ ન હતી. તેથી અમે બંને એકબીજાને અબુધ જેમ જોઈ રહેતાં....

## શબ્દાર્થ

**ભાંડરડાં** ભાઈ-બહેન વગેરે સ્વજન **પળી** પ્રવાહી ભરવાનું એક માપ **બજર ઘસવી** દાંતે છીંકણી ઘસવી **ઉત્કંઠા** તીવ્ર ઇચ્છા **રેફરન્સ બુક** સંદર્ભગ્રંથ **મેટ્રિક** મહાવિદ્યાલયમાં દાખલ થવા જેટલું ભણતર, માધ્યમિક શાળાનું અંતિમ વર્ષ **થરથરી ઉઠવું** કંપવું, ધ્રૂજવું **નિર્વ્યાજ** કપટરહિત, સાલસ, સરળ **અબુધ જેમ** અણસમજુ-મૂર્ખની જેમ

## રૂઢિપ્રયોગ

**દોમ દોમ સાહ્યબી હોવી** અતિશય સાધન-સંપન્ન હોવું, ખૂબ શ્રીમંત હોવું, આર્થિક સ્થિતિ ખૂબ જ સધ્ધર હોવી

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) બાએ દીકરા-દીકરીને કેવી રીતે ભણાવ્યાં હતાં?

(2) બાએ લાપસી શા માટે રાંધી હતી?

(3) લેખક અને તેમનાં પત્ની એકબીજાને અબુધ શાથી લાગતાં?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) લેખકે બાની સ્મૃતિ શી રીતે જાળવી રાખી હતી?

(2) લેખક પોતાની રેફરન્સબુક કોને કહે છે? શા માટે?

**3. નીચેના પ્રશ્નની મુદ્દાસર નોંધ લખોઃ**

'રેફરન્સબુક' લઘુકથામાંથી પ્રગટતું બાનું રેખાચિત્ર આલેખો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- તમે તમારી બા કે દાદી વિશેનું એકાદ સ્મરણ 10-15 લીટીમાં તમારી નોટબુકમાં લખો.
- ''આ પોટલીમાં મારા જીવનની રેફરન્સ બુક છે'' આ વિધાનની વર્ગમાં ચર્ચા કરો.
  ત્રણેક લઘુકથાઓ મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

લઘુકથામાં લાઘવ (ટૂંકાણ) જરૂરી છે. પ્રથમ ફકરામાં ઘરની સામાન્ય સ્થિતિનો ખ્યાલ આપી મા-દીકરાના સંવાદરૂપે લઘુકથા આગળ વધે છે. એમાં અધૂરા રાખેલા સંવાદો શું સૂચવે છે તે જુઓ.

ભાઈ ! આ લાલ પૂંઠાવાળી ચોપડી તેં હમણાં હાથમાં લીધી જ નથી, ભૂલી તો ગયો નથી ને? બાના પ્રશ્નનો જવાબ હું હસીને આપતો કે, 'બા! એ તો રેફરન્સબુક છે એટલે જરૂર પડે ત્યારે જ જોવાય...'

તમને ખ્યાલ આવશે કે અહીં સંવાદને ટૂંકાવવા અધૂરા નથી મૂક્યા પણ આ ઉપરાંત પમ ઘણું ઘણું કહેવાનું બંનેને બાને પોતાના દીકરાનો ખ્યાલ અને દીકરાને મા પ્રત્યેના સદ્ભાવને આ સંવાદ સરસ રીતે અભિવ્યક્ત કરે છે.

તમે નોંધો કે તપકીરની ડબલી, એક ડાંડલી તૂટી ગયેલાં ચશ્માં, સાડલો, ભાગનો ડબ્બો-આ બધી વસ્તુ માત્ર વસ્તુ ન રહેતાં લેખક માટે પોતાની મા સાથેનાં સંભારણાંરૂપ બની ગઈ છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- માતાનો કોઈ જ વિકલ્પ નથી. આ વાક્ય દરેક વિદ્યાર્થી પોતાની માતા સાથેના એક અનુભવ ટાંકીને લખે; તેની હસ્તપ્રતનો અંક બનાવડાવી અવકાશે વર્ગમાં તે પ્રસંગોનું વાચન કરાવો.
- માણસ વૈભવથી સમૃદ્ધ નથી બનતો પણ પ્રેમથી સમૃદ્ધ માણસ વૈભવશાળી બને છે તેવું સમજાવો.
- જીવનમાં સ્મરણોનું મહત્ત્વ; પુનઃસ્મરણ આશીર્વાદરૂપ હોય છે.

•

# 25 દુહા, મુક્તક, હાઈકુ

## 1. મા

દુલા ભાયા 'કાગ'
(જન્મ : 25-11-1902; અવસાન : 22-2-1977)

કવિ દુલા ભાયા 'કાગ'નો જન્મ ભાવનગર જિલ્લાના મજાદર ગામમાં થયો હતો. તેમણે પાંચ ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. રામાયણ-મહાભારત ઉપરાંત ચારણી સાહિત્યનો તેમનો અભ્યાસ નોંધપાત્ર હતો. ખેતી તેમજ ગોપાલનના વ્યવસ્થા કરતા કવિ કાગ કંઠ, કહેણી અને કવિતાનો સુમેળ સાધીને લોકગીતો, ભજનો તેમજ આખ્યાનોના જાહેર કાર્યક્રમો પણ આપતા.

જ્ઞાન, ભક્તિ અને નીતિ-આચરણ જેવા વિષયોને ચારણી છંદ, ભજન અને દુહા જેવા કાવ્યપ્રકારોમાં ઢાળનાર આ કવિએ 'કાગવાણી' ભાગ 1 થી 7 માં લોકપરંપરાના પ્રાચીન કલેવરમાં અર્વાચીન સંવેદનાઓ ગૂંથવાનો પ્રયત્ન કર્યો છે.

'વિનોબાબાવની', 'તો ઘર જાશે', 'જાશે ધરમ', 'શક્તિચાલીસા' ઉપરાંત 'ગુરુમહિમા', 'ચન્દ્રબાવની', 'સોરઠ બાવની' વગેરે કૃતિઓ એમણે રચી છે. ભારત સરકાર દ્વારા એમને પદ્મશ્રીનો ઍવોર્ડ મળ્યો છે.

દુહો ચારણી સાહિત્યનો કાવ્યપ્રકાર છે. એ માત્રામેળ છંદ પણ છે. દુહામાં માર્મિક વાણીથી થોડામાં ઘણું સૂચવાય છે. અહીં આપેલા બંને દુહામાં 'મા'નો મહિમા છે. પહેલા દુહાનો વિષય છે : મોટા થયા પછી 'મા'નો ખોળો છોડી દેતા કવિ, ફરી 'મા'નો ખોળો ખૂંદવાની બાળક બનવાની ઝંખના કરે છે.

બીજા દુહાનો વિષય છેઃ 'મા' શબ્દ કાને પડતાં જ બાળપણમાં માએ કરાવેલાં લાડ અને વહાલ કવિને સાંભરી આવે છે. કવિને મોટા થયા પછી મા-નો વિરહ સાલે છે. માનો ને મોટાઈ તુચ્છ લાગે છે. મા વિના જીવન નિરર્થક હોવાની વાત મા-નો મહિમા કરે છે.

---

**દુહા**

મોટા કરીને મા તેં ખોળેથી ખહતા કર્યા,
ખોળો ખૂંદવા ફરીથી કરને બાળક કાગડા.

મોઢે બોલું મા, મને હાચે ય નાનપણ હાંભરે
મોટપ કેરી મજા મને કડવી લાગે કાગડા.

**શબ્દાર્થ**

**ખહતા** ખસતા, દૂર થાતા **કાગડા** કવિ કાગ **હાચે** સાચે, હકીકતમાં **હાંભરે** સાંભરે, યાદ આવે **મોટપ** મોટાપણું, પ્રતિષ્ઠા, આબરૂ **કડવી** (અહીં) ન ગમે તેવી, અપ્રિય

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) મોટા થયા પછી કવિને કઈ વાતનું દુઃખ છે?
(2) કવિને પાછા બાળક થવાની ઇચ્છા શા માટે થાય છે?
(3) 'મા' બોલતાંની સાથે કવિને શું સાંભરે છે?
(4) મોટપની મજા કવિને કેવી લાગે છે?
(5) કવિ 'કાગડા' કોને કહે છે?

**2. નીચેના પ્રશ્નની મુદ્દાસર નોંધ લખો :**

કવિની દૃષ્ટિએ બાળપણ

# 2. દશા અને દિશા

**વેણીભાઈ પુરોહિત**
**(જન્મ: 01-2-1916; અવસાન: 03-1-1980)**

કવિ, વાર્તાકાર વેણીભાઈ જમનાદાસ પુરોહિત 'સંત ખુરશીદાસ'નો જન્મ સૌરાષ્ટ્રના જામખંભાળિયામાં થયો હતો. મુંબઈમાં સ્થાયી થયેલા વેણીભાઈએ પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં અને માધ્યમિક શિક્ષણ જામખંભાળિયામાં લીધું હતું. તેઓ પત્રકાર હતા. ઈ. સ. 1942 ની લડતમાં દસ વર્ષ જેલવાસ ભોગવ્યો હતો.

એમણે ગીત, ભજન, ગઝલ, સૉનેટ, મુક્તક તેમજ લાંબી વર્ણનાત્મક રચનાઓ જેવા કાવ્યપ્રકારો અજમાવ્યા છે. છાંદસ અને અછાંદસ રચનાઓ એમણે લખી છે. કવિ તરીકેની એમની પ્રતિભા વિશેષ કરીને ગીતો તેમજ ભજનોમાં વધુ ખીલેલી જોવા મળે છે. 'સિંજારવ', 'ગુલઝાર શાયરી', 'દીપ્તિ' તેમજ 'આચમન' એમના કાવ્યસંગ્રહો છે. આ સંગ્રહોમાં લાંબી વર્ણનાત્મક રચનાઓ પણ છે. ભાવની સરળ-સહજ અભિવ્યક્તિ સાથે નાદ અને લયયુક્ત ભાષારચના એમની કવિતાની વિશેષતાઓ છે. 'કાવ્યપ્રયાગ'માં એમણે વિવિધ કવિઓની કાવ્યરચનાઓના આસ્વાદ કરાવેલા છે. 'અત્તરના દીવા', 'વાંસનું વન' તેમજ 'સેતુ' એમના વાર્તાસંગ્રહો છે.

'મુક્તક' શબ્દ 'મૌક્તિક' પરથી ઊતરી આવ્યો છે. 'મુક્તક' એટલે મોતી. મોતી જેવો ચળકાટ અને મોતી જેવું મૂલ્ય આ કાવ્યસ્વરૂપમાં હોય છે. અહીં આપેલા 'દશા અને દિશા' મુક્તકમાં કવિ 'દશા'ને જ સર્વસ્વ માની હારી-થાકી બેઠેલા માનવીને સાચી દિશા ચીંધે છે. જેમનામાં ખુમારી નથી, તેઓ જ દશાના ગુલામ છે! જિંદગીની સાચી દિશા તેમણે જાણી જ નથી; આથી જ તેઓ દશાને પૂજે છે, દશાથી ડરે છે. દશાને કવિ સડક સાથે સરખાવે છે. સડક તો સ્થિર છે, જડ છે. એ ક્યાંય જતી નથી. જવું તો આપણે પડે! એ જ સડકનો ઉપયોગ કરી આગળ વધનારને સફળતા પ્રાપ્ત થાય છે. 'દશા' અર્થાત્ ભાગ્યને આધારે બેસી રહેતા લોકોને 'દિશા' અર્થાત્ પુરુષાર્થનો મહિમા સમજાવતું આ મુક્તક શ્રમનો મહિમા કરે છે.

---

**મુક્તક**

દશા પર દાઝનારા ને દશા પર દૂઝનારાઓ,
નથી હોતા ખુમારીથી જીવનમાં ઝૂઝનારાઓ.

દિશા જાણ્યા વિનાના છે દશાથી ધ્રૂજનારાઓ !
કહી દો એમને કે, હે દશાના પૂજનારાઓ !

દશા તો છે સડક જેવી, સડક ચાલી નથી શકતી,
સડકને ખૂંદનારાને સડક ઝાલી નથી શકતી.

**'દીપ્તિ' સંગ્રહમાંથી**

**શબ્દાર્થ**

**દશા** સ્થિતિ, હાલત, મનુષ્યના નસીબ ઉપર સારી-માઠી અસર કરનારી ગ્રહાદિકાની સ્થિતિ **દાઝનારા** ચીડ, ગુસ્સો, દ્વેષ કે વેર રાખનારા **દૂઝનારા** (અહીં) આંસુ ટપકાવનારા **ખુમારી** (અહીં) ગર્વથી જીવવું

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) કેવા લોકો ખુમારીપૂર્વકનું જીવન જીવી નથી શકતા ?

(2) દશાથી ગભરાઈ જનારા કોનાથી અજાણ્યા છે ?

(3) કવિએ દશાને કોના જેવી કહી છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો :**

(1) દશા અને દિશા વિશે કવિનું શું કહેવું છે ?

(2) સડક કોને રોકી નથી શકતી ? શા માટે ?

# 3. હાઈકુ

**સ્નેહરશ્મિ**

**(જન્મ : 16-4-1903 અવસાન : 06-1-1991)**

'સ્નેહરશ્મિ'નું મૂળ નામ ઝીણાભાઈ રત્નજી દેસાઈ. વલસાડ જિલ્લાના ચીખલી ગામમાં એમનો જન્મઃ ઈ. સ. 1921 માં ગુજરાત વિદ્યાપીઠમાંથી વિનીત થયા. ઈ. સ. 1926 માં રાજ્યશાસ્ત્ર વિષય સાથે સ્નાતક થયા. મુંબઈ તેમજ અમદાવાદમાં શિક્ષણક્ષેત્રે અધ્યાપક, આચાર્ય તેમજ નિયામક રહ્યા.

મુખ્યત્વે કવિ. 'અર્ઘ્ય', 'પનઘટ', 'અતીતની પાંખમાંથી', 'ક્ષિતિજે જ્યાં લંબાવ્યો હાથ', 'નિજલીલા' વગેરે એમના કાવ્યસંગ્રહો છે. એમણે વાર્તા, નવલકથા, નાટક, ચરિત્ર તેમજ આત્મકથા જેવાં સાહિત્યસ્વરૂપોમાં ખેડાણ કર્યું છે. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક (ઈ.સ. 1967), તેમજ નર્મદચંદ્રક (ઈ.સ. 1985) પ્રાપ્ત થયા છે. જાપાનિઝ કાવ્યસ્વરૂપ હાઈકુને ગુજરાતીમાં દૃઢ કરવાનો યશ એમને ફાળે જાય છે.

**મુરલી ઠાકુર**

**(જન્મ : 23-2-1910, અવસાન : 22-4-1975)**

કવિ, વાર્તાકાર મુરલીધર રામચંદ્ર ઠાકુરનો જન્મ ઈડર તાલુકાના કુકડિયા ગામે થયો હતો. એમણે પ્રાથમિક શિક્ષણ એમના વતન સુવેર,ઉમેદગઢમાં લીધું હતું. એમ.એ.ની ઉચ્ચ શિક્ષણની પદવી તેમણે મુંબઈથી પ્રાપ્ત કરી હતી.

મુંબઈની સિડનહામ કૉલેજમાં અધ્યાપક થયા. ત્યાર પછી મુંબઈ આકાશવાણીમાં ગુજરાતી કાર્યક્રમોના નિર્માતા થયા. ફિલ્મ સેન્ટર બોર્ડના સભ્ય નિમાયા.

'સફર અને બીજાં કાવ્યો' (અન્ય સાથે), 'શરદુત્સવ'(નૃત્યનાટિકા), 'મેળો' (બાળગીતો) તથા 'પ્રેમળ જ્યોત' (વાર્તાઓ) એમના ગ્રંથો છે. જાપાનિઝ કાવ્યસ્વરૂપ હાઈકુને ગુજરાતીમાં પ્રચલિત કરવામાં, સર્જક તરીકે એમનો ફાળો નોંધપાત્ર છે.

**રાવજી પટેલ**

**(જન્મ : 15-11-1939 અવસાન : 10-8-1968)**

રાવજી છોટાલાલ પટેલનો જન્મ ખેડા જિલ્લાના ડાકોર પાસેના વલ્લવપુરા ગામે કૃષિ પરિવારમાં થયો હતો. ડાકોરની શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું પછી અમદાવાદમાં માધ્યમિક તેમજ બે વર્ષ સુધી કૉલેજ(આર્ટ્સ)નું શિક્ષણ લીધું. તેમની આર્થિક સ્થિતિ સારી નહોતી, તેથી કુમળી વયથી નોકરી કરવી પડી. તેમણે મિલમાં, વર્તમાનપત્રમાં તેમજ ગ્રંથાલયમાં નોકરી કરી. આર્થિક સંકડામણ તેમજ ક્ષય જેવા એ વખતે અસાધ્ય રોગથી તેમનું શરીર તેમજ મન ક્ષીણ થતાં ગયાં. માત્ર અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે તેમનું નિધન થયું.

'અંગત' એમનો એકમાત્ર કાવ્યસંગ્રહ છે. એમનાં કાવ્યોમાં વિશિષ્ટ લયલીલાઓ, પ્રતીકાત્મક તેમજ વ્યંજનાત્મક અભિવ્યક્તિ જોવા મળે છે.

હાઈકુ જાપાની કાવ્યસ્વરૂપ છે. સત્તર અક્ષરના આ કાવ્યનું બંધારણ ત્રણ પંક્તિનું છે. પ્રથમ પંક્તિમાં પાંચ, બીજીમાં સાત ને ત્રીજી પંક્તિમાં પાંચ અક્ષરથી રચાતું આ કાવ્ય ક્યાંક ગહન-ચિંતન, તો ક્યાંક હળવાશ રજૂ કરે છે.

પહેલું હાઈકુ અંધકાર અને દીવાના પ્રતીકથી સત અને અસતને સૂચવી, અનેક અસત્યો મળીને પણ સત્યને ઝાંખું નહીં પાડી શકે તેનો બોધ આપે છે. બીજા હાઈકુમાં ઘર મોટું કે નાનું? એ મકાનના કદ કે વિસ્તારને આધારે નહીં પણ એ ઘરમાં રહેતા માનવીની નિષ્ઠા અને પ્રતિષ્ઠાને આધારે નક્કી થાય છે, એ વાત કવિ સૂરજના ઉજાસથી સૂચવી આપે છે. ત્રીજું હાઈકુ મૃત્યુની અનિવાર્યતા જાણવા છતાં પણ જીવવાનો આનંદ માણતા માણસને જાળ લઈને ઊભા માછીમાર સામે મોજથી તરતી માછલીના પ્રતીકથી સૂચવે છે.

1

ફરતી પીંછી
અંધકારની : દીપ
નહીં રંગાય.
**- સ્નેહરશ્મિ**

2

ખોરડું નાનું
સૂરજના ઉજાસે
મોટું આંગણ
**- મુરલી ઠાકુર**

3

માછી ક્યારનો
ઊભો રહ્યો ને તોયે
માછલી તરે.
**- રાવજી પટેલ**

### શબ્દાર્થ

**દીપ** દીવો **ખોરડું** માટીની ભીંતનું ઘર **ઉજાસ** પ્રકાશ

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) શાની પીંછી ફરતી રહી છે ?

(2) સૂરજના ઉજાસે આંગણ કેવું લાગે છે ?

(3) માછી શું કરે છે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) અંધકારની પીંછી અને દીપ દ્વારા કવિ શો બોધ આપે છે ?

(2) મુરલી ઠાકુર હાઈકુ દ્વારા શું કહેવા માગે છે ?

(3) માછી અને માછલી દ્વારા રાવજી પટેલ શી વ્યંજના પ્રગટ કરે છે ?

### વિદ્યાર્થીપ્રવૃત્તિ

- પસંદગીના શેર તથા મુક્તકોનો સંગ્રહ કરી, હસ્તલિખિત અંક તૈયાર કરો.
- તમે જાતે ત્રણ હાઈકુની રચના કરો.
- થોડાં મુક્તકો મેળવીને નોંધો. મુક્તકોનો અર્થ વડીલોની મદદથી જાણો.

### ભાષા-અભિવ્યક્તિ

- **દોહરા**

પ્રથમ બે દોહરામાં માનો મહિમા છે. પ્રથમ દોહરામાં 'ખ' વર્ણનું આવર્તન જુઓ. 'ખોળેથી', ' ખહતા', 'ખોળો', 'ખૂંદવા' આ બધામાં 'ખહતા' શબ્દ એકમાત્ર તળપદો શબ્દ છે, તે શિષ્ટ શબ્દોમાં બરાબર ભળી જાય છે.

બીજા દુહામાં મુખ માટે 'મોઢું', સાચે જ માટે 'હાચેય', 'સાંભરે' માટે 'હાંભરે' જેવા તળપદા શબ્દોનો ઉપયોગ ધ્યાનપાત્ર છે. અહીં 'મોટપણાની મજા કડવી' કહીને સરસ વિરોધ રચાયો છે તે જુઓ.

- **મુક્તક**

મુક્તક 'ખ' વર્ણનું આવર્તન તમે જોયું? અહીં 'દ' વર્ણનું આવર્તન જુઓ. અહીં કવિએ ત્રણેય કડીમાં 'દશા' અને 'દિશા' શબ્દને દોહરાવીને જુદા જુદા અર્થસંકેતો મૂકીને ભાવને ઘૂંટયો છે. 'દાઝનારા' 'દૂઝનારા-ઝૂઝનારા' 'પ્રૂજનારા-પૂજનારા'ખૂંદનારા શબ્દયુગ્મો નવા નવા અર્થસંકેતો આપણી સામે લાવી મૂકે છે.

● **હાઈકુ**

(1) અહીં અંધકારની પીંછીનું રૂપક દશ્ય અને ગતિ બંનેનો સંકેત કરી આપે છે તે નિહાળો.

(2) 'તરતું' 'ગાતું' 'રંગાતું'નો અંત્યાનુપ્રાસ તો મનોહર છે જ સાથે સાથે પંખીના રંગ, ગાન અને ગતિને જોડાજોડ મૂકી આપીને શબ્દચમત્કૃતિ સાધી છે.

(3) 'ખોરડું નાનું' 'મોટું આંગણ' પહેલી અને છેલ્લી પંક્તિમાં રહેલો વિરોધ ધ્યાનપાત્ર છે તે જુઓ.

## શિક્ષકપ્રવૃત્તિ

- સ્વરચિત હાઈકુ અને મુક્તક લેખન સ્પર્ધાનું આયોજન કરો.
- સંસ્કૃત સુભાષિતો અને તેના અર્થ વિદ્યાર્થીઓને કહો.
- ભીંતસૂત્રોની યાદી તૈયાર કરાવો.

•

# 26 બે દૃષ્ટાંત કથાઓ

**રવિશંકર મહારાજ**
**(જન્મ : 25-2-1884; અવસાન : 02-7-1984)**

સમાજસેવક રવિશંકર શિવરામ વ્યાસનો જન્મ રઢુ ગામમાં (તા. માતર) અને શિક્ષણ વતનગામ સરસવણી (મહેમદાવાદ)માં લીધું હતું. શરૂઆતમાં ભાવડા (તા. દહેગામ)માં શિક્ષક, 1903માં નોંધણી કારકુન રહ્યા બાદ 1922માં સુણાવમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરી. તેમના જીવનનું સૂત્ર હતું 'ઘસાઈને ઊજળા થાઓ'. પહેલાં પોતાની રીતે સેવાકાર્ય કરતા પછી મહાત્મા ગાંધી સાથે જોડાયા ને સત્યાગ્રહોમાં જેલોમાંય ગયા. વિનોબાજીના ભૂમિદાન યજ્ઞમાં ગુજરાત ખૂંદી વળ્યા હતા. તેઓએ પાટણવાડિયા, બારૈયા અને અન્ય જાતિઓના ઉદ્ધાર માટે સતત પરિશ્રમ કર્યો હતો. તેમની નિઃસ્વાર્થ સેવા અને દારુનિષેધ-પ્રવૃત્તિને કારણે દેશભરમાં જાણીતા થયા. બિહાર-ઓરિસ્સાની કુદરતી આફત વખતે તેઓ પોતાના કાર્યકરો સાથે સેવા કરવા ગયા હતા. તેમનાં પુસ્તકો અનુભવોના નિષ્કર્ષમાંથી રચાયેલાં છે.

'સત્યાગ્રહનો વિજય', 'શિક્ષણ અને સંસ્કૃતિ', 'પર્વમહિમા', 'લગ્નવિધિ', 'મારો ચીનનો પ્રવાસ' અને 'મહારાજની વાતો' એમનાં પુસ્તકો છે.

પ્રથમ દૃષ્ટાંત કથા રાજ્યવ્યવસ્થામાં રહેલી ક્યાસ સૂચવે છે. રાજ્યમાં ભ્રષ્ટાચારને કારણે, સરકારે મંજૂર કરેલાં નાણાં જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચતાં માંડ થોડાં બચે છે એની સત્યકથા અહીં બરફના દૃષ્ટાંતથી અસરકારક રીતે રજૂ કરી છે.

દ્વિતીય દૃષ્ટાંતકથા ભારતીય સંસ્કૃતિમાં રહેલું સ્ત્રીનું યોગદાન દર્શાવે છે. ગામડાની અભણ, વિધવા ને સામાન્ય જાતિની સ્ત્રી શ્રમનું જે મૂલ્ય સમજે છે, દાનનું જે મહત્ત્વ માને છે તે વિરલ છે. પતિ ને પુત્ર મૃત્યુ પામ્યા પછી મજૂરી કરીને જીવતી ધૂળી દુકાળમાં ગરીબોને મફતમાં મળતો ગોળ ધર્માદાનો હોવાથી સ્વીકારતી નથી. ઊલટું, પોતાના બે બળદ ને 25 વીઘા જમીન વેચી, પાણીની તંગીવાળા ગામમાં કૂવો કરાવે છે; કૂતરાંને રોટલા ખવડાવે છે; પોતાના ગામમાં પરબ બંધાવે છે; ને ભગવાનનો મુગટ પણ ઘડાવે છે! ધૂળીની આ ત્યાગભાવનામાં સેવા, શ્રદ્ધા ને સમર્પણનો ત્રિવેણી સંગમ છે. એના મુખ પર પ્રગટતો શ્રમદેવનો ભાવ, એના શબ્દોમાં વ્યક્ત થતું પુરુષાર્થનું તેજ ને એના વિચારોમાં ઝીલાતી ભક્તિભાવયુક્ત ઉચ્ચ ધર્મબુદ્ધિ - સમાજને શ્રમનું ને દાનનું મૂલ્ય શીખવાડે છે.

---

## 1. છેલ્લે રહ્યા દોઢ પાશેર!

જર્મનીના એક રાજાનો કિસ્સો છે. એક દિવસ એ પોતાના આઠ પ્રધાનો સાથે બેઠો હતો. એણે પ્રધાનને કહ્યું, 'આપણા રાજ્યની આટલી બધી આવક છે છતાં તિજારીમાં પૈસો કેમ આવતો નથી?'

એક પ્રધાને કહ્યું, 'મહારાજા, ખોટું ન લાગે તો કહું'.

રાજાએ કહ્યું, 'ખોટું નહીં લાગે. જે કારણ હોય તે વિના સંકોચે કહો.'

પછી પ્રધાને બજારમાંથી એક શેર બરફ મંગાવ્યો અને તે છેલ્લે બેઠેલા પ્રધાનના હાથમાં આપ્યો. છેલ્લાએ એની આગળના પ્રધાનને આપ્યો. એમ કરતાં કરતાં બરફ બધા પ્રધાનોના હાથમાંથી પસાર થઈ રાજાના હાથમાં પહોંચ્યો ત્યારે દોઢ પાશેર રહ્યો! આ કિસ્સાથી રાજાને રાજ્યની તિજોરીમાં પૈસા કેમ ભેગા નથી થતા એનો મર્મ સમજાઈ ગયો.

આજે આપણી પણ આ જ સ્થિતિ થઈ છે. આપણે પરાધીન થઈ ગયા છીએ. આપણા ભલાનાં કામો આપણે જાતે ન કરી શકીએ, એ તો સરકાર જ કરી શકે, એવી મનોવૃત્તિ આપણામાં દૃઢ થઈ છે અને સરકાર મારફત બધાં કામો કરાવવા જતાં તો ઉપરના કિસ્સામાં કહ્યું છે તેવું જ થાય. પ્રજાના લાભ માટે એક શેર બરફ આપવામાં આવ્યો હોય, તો સરકારી તંત્રમાંથી અને લાંબીલપસંદર વિધિઓમાંથી પસાર થતો તે પ્રજાના હાથમાં પહોંચે, ત્યારે માંડ દોઢ પાશેર જ રહ્યો હોય! માટે કરવું તો એમ જોઈએ કે સરકારનાં એકે-એક કામો ધીરે-ધીરે જનતા જાતે કરતી થાય.

## 2. ''મા'રાજ, ધર્માદાનું શી રીતે ખવાય?''

રાધનપુર વિભાગમાં સખત દુકાળ પડ્યો હતો. અનાજ પૂરતું મળે નહિ એટલે દર અઠવાડિયે ચણા ને ગોળ આપવાની અમે ગોઠવણ કરી હતી. ગોળ મફત આપવામાં આવતો ને ચણા વેચાતા.

પંચાસર બહુ જૂનું ને પ્રખ્યાત ગામ છે. એ ગામમાં ધૂળી કરીને એક બાઈ રહે. એનાથી સારી સ્થિતિના ને ઈજ્જતવાળા લોકો ગોળ મફત લે પણ આ બાઈ ન લે. એને એક દીકરી. ધૂળી લાકડાના ભારા ને ઘાસ ઊંચકી લાવે ને દીકરી તળાવમાં ખોદવા જાય. બંને મહેનત કરીને જીવે. ધૂળીને એક દીકરો હતો. એ મરી ગયો.એ પછી એનો ધણી પણ મરી ગયો. ધૂળીને થયું : હવે હું શું કરું?

એને ત્યાં બે બળદ હતા, 25 વીઘાં જમીન હતી ને થોડા પૈસા હતા. બાઈએ બળદ વેચી દીધા. એના રૂપિયા છસો ઊપજ્યા. એ રૂપિયા લઈને તે ગામના વણિક ગૃહસ્થ લહેરચંદભાઈ પાસે ગઈ. રૂપિયા એમને આપીને કહ્યું : ''શેઠ, મરનારનું ભલું થાય એવા કામમાં આ રૂપિયા વાપરો.''

પંચાસરની નજીક એક ગામ છે. ત્યાં પાણીની ભારે તંગી. પેલા વણિક ગૃહસ્થે જાતે દેખરેખ રાખી કરકસરથી રૂપિયા 550 માં કૂવો ને હવાડો કરાવ્યાં. એ પ્રદેશમાં મીઠું પાણી જવલ્લે જ નીકળે પણ ઈશ્વરકૃપાએ અહીં મીઠું પાણી નીકળ્યું. લોકો ખુશ ખુશ થઈ ગયા.

પચીસ વીઘાં જમીન હતી. એ ધૂળીએ કૂતરાંને રોટલા ખવડાવવા તથા પરબડીમાં આપી દીધી, અને થોડા રૂપિયા હતા તેની ચાંદી લઈ રામજી મંદિરમાં ભગવાનનો મુગટ કરાવડાવ્યો. પોતાના ગામમાં એક પરબ પણ મંડાવી.

ધૂળીની આ પાવન કથા મેં સાંભળી હતી પણ એને મળ્યો નહોતો. એને મળવાનું થયું ત્યારે મેં પૂછ્યું : ''બહેન, તમારું નામ શું ?''

''મારું નામ ધૂળી.'' એણે કહ્યું.

''તમે બળદ કેમ વેચી દીધા ?''

''મા'રાજ, એ ઘઈડાય ન'તા થ્યા, બહુ મે'નત કરી કરીને મરી જ્યા. એમનું મારાથી ખવાય ? આ બળદ એમના હતા એટલે વેચી દીધા.''

''તમે તો જમીન પણ પરબડીમાં આપી દીધી. તમારી દીકરીને આપી હોત તો ?''

'દીકરીને શું કામ આલું ? એ એનું નસીબ લઈને નહીં આવી હોય ?'' ધૂળીના એકેએક શબ્દમાંથી પુરુષાર્થનું તેજ ટપકતું હતું.

મેં આગળ પૂછ્યું : ''તમે ગોળ કેમ નથી લેતાં?''

''મા,રાજ, બધી મિલકત ધર્માદા કરી દીધી. હવે મારાથી ધર્માદાનું શી રીતે ખવાય?''

''ચણા લો છો?''

''હા, ચણા બે આને શેર વેચાય છે તે લઉં છું.''

''તો પછી ગોળ પણ લેતાં હો તો ?''

''ગોળ વેચાતો આલે તો લઉં .''

ધૂળીની આ વાતોએ મને ઊંડા ચિંતનમાં ગરકાવ કરી મૂક્યો. એ બોલતી હતી ત્યારે એના મુખ ઉપર શ્રમદેવના ભાવ અંકિત હતા. મને થયું : આ બાઈમાં સર્વસ્વ અર્પણ કરવાની આ શક્તિ ક્યાંથી આવી હશે? આટલી ઊંચી ધર્મબુદ્ધિ એણે ક્યાંથી પ્રાપ્ત કરી હશે? વિચાર કરતાં લાગ્યું કે, મહેનતમાંથી, મારા પરસેવાનું જ હું ખાઈશ.'' એ ભાવનામાંથી એનામાં જે ભક્તિભાવ ઊભરાતો હતો એ પણ શરીરશ્રમથી જીવવાની નિષ્ઠામાંથી જ ઉત્પન્ન થયો હતો.

કોણ જાણે, ધૂળી જેવી કેટલીય સ્વાર્પણપ્રેમી સ્ત્રીઓ આ જનસમાજમાં છુપાઈને પડી હશે. એમના છૂપા ત્યાગ ને તપના પ્રભાવે જ આપણી સંસ્કૃતિ જીવતી છે.

## શબ્દાર્થ

**એક શેર** મણ(20 કિગ્રા)નો ચાળીસમો ભાગ(500 ગ્રામ) **પાશેર** શેરનો ચોથો ભાગ **દોઢ પાશેર** એક આખો અને અડધો પાશેર **મર્મ** ભેદ, રહસ્ય **મનોવૃત્તિ** મનની વૃત્તિ, મનનું વલણ **વીઘાં** જમીનનું એક માપ (પચીસેક ગુંઠાનું એક વીઘું) **હવાડો** ઢોરને પાણી પીવાનો (કૂવા પરનો) કુંડ **મા'રાજ** મહારાજ **ધર્માદા** દાનમાં આપેલું **ગરકાવ** ગરક, મશગૂલ, મગ્ન, લીન **ધર્મબુદ્ધિ** ધર્મની સમજ, ધર્મ દૃષ્ટિ, ધર્માધર્મની વિવેકશક્તિ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) આ પ્રસંગ કથામાં ક્યા દેશનો પ્રસંગ વર્ણવ્યો છે?

(2) આપણામાં કેવી મનોવૃત્તિ દૃઢ થઈ ગઈ છે?

(3) રાજાને પોતાના પ્રશ્નનો મર્મ ક્યારે સમજાયો ?

(4) આ પ્રસંગકથામાંથી પ્રગટ થતો બોધ વર્ણવો.

**2. નીચેના પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) પંચાસરના લોકોને ગોળ-ચણા શા માટે આપવામાં આવતા?

(2) ધૂળી તથા તેની દીકરી શું કામ કરતાં ?

(3) પચીસ વીઘાં જમીનનું ધૂળીએ શું કર્યું ?

(4) બચતના રૂપિયા ધૂળીએ ક્યાં ખરચ્યા ?

**3. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) ધૂળીએ બળદ શાથી વેચી દીધા ? તેના પૈસાનું તેણે શું કર્યું ?

(2) લેખક ધૂળી વિશે મનોમન શું વિચારે છે ?

(3) ધૂળીની પ્રવૃત્તિઓ વિશે નોંધ લખો.

(4) મા,રાજ, ધર્માદાનું શી રીતે ખવાય!

## વિદ્યાર્થીપ્રવૃત્તિ

- ''પુરુષાર્થ એ જ પ્રારબ્ધ'' વિષે નિબંધ લખો.
- 'ધૂળી' જેવા કોઈ પાત્રો તમારી આસપાસ મળે તો તેની મુલાકાત લો.
- મેઘાણીકૃત 'માણસાઈના દીવા' વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

'મા'રાજ , એ ઘરડાય ન'તા થ્યા, બહુ મે'નત કરી કરીને મરી જ્યા. એમનું મારાથી ખવાય ? આ બળદ એમના હતા એટલે વેચી દીધા.'

રેખાંકિત શબ્દો તળપદા શબ્દો છે. તેના શિષ્ટરૂપ અનુક્રમે 'મહારાજ', 'ઘરડા' 'પણ', 'નહોતા', 'થયા', 'ગયા', બને. ત્રણ શબ્દોમાં લોપક ચિહ્ન વપરાયું છે. ત્યાંથી એક અક્ષર કે માત્રા લોપ થયેલ છે તેનો ખ્યાલ તમને આવશે. આ શબ્દસંકોચનો નમૂનો છે તે તમે જાણો છો.

આપણી રોજબરોજની બોલાશમાં આપણે તળપદા શબ્દો અને આવા અર્થસંકોચનો ઉપયોગ જાણે-અજાણ્યે કરતાં હોઈએ છીએ. તમારે આવા શબ્દોની યાદી બનાવવી જોઈએ. ઉપરના વિધાનમાં 'એ', 'એમનું', 'એમના' સર્વનામ ધૂળીના પતિ માટે વપરાયાં છે તે તમે નોંધો.

- ધૂળીના એકે-એક શબ્દમાંથી પુરુષાર્થનું તેજ ટપકતું હતું.
- એ બોલતી હતી ત્યારે તેના મુખ ઉપર શ્રમદેવતાના ભાવ અંકિત હતાં.

લેખક ભાષાનો ઉપયોગ વિશિષ્ટ રીતે કરતો હોય છે. ઉપરનાં વિધાનોને ધ્યાનથી વાંચો પછી વિચારો. વાક્યનો સીધો અર્થ

કરવાનો પ્રયત્ન કરો. તેજ ને જોઈ શકાય. ટપકતું કેમ જોઈ શકાય! પાણી કે પ્રવાહી ટપકે તેજ કેમ ટપકે? તો મુખ ઉપર શ્રમદેવતાના ભાવ અંકિત થયા છે તેનો ખ્યાલ કેમ આવે? આવા પ્રશ્નો તમને થશે ખરુંને? લેખકને ભાવ-અભિવ્યક્તિ માટે આવા જુદા પ્રકારના શબ્દજોડાણો કરવા પડે છે. એમ તો આપણે પણ રોજબરોજના વ્યવહારમાં આવા શબ્દજોડાણો નથી કરતાં? દા. ત. 'માથું ખાઈ જવું', 'મગજનુ દહીં થઈ જવું', તમે આવા પ્રકારના શબ્દસમૂહો, રૂઢિપ્રયોગો, કહેવતોની યાદી બનાવો.

### શિક્ષકપ્રવૃત્તિ

- ભ્રષ્ટાચારના કારણે કોઈ યોજનાનો લાભ છેક છેવાડાના લાભાર્થી સુધી પહોંચતો નથી એ દર્શાવતું રૂપક રજૂ કરો.
- 'દોઢ પાશેર'નું નાટ્યરૂપાંતર કરી ભજવો.
- જનતા જાતે જ કલ્યાણમાર્ગ શોધે, જવાબદારી સ્વીકારે. -સમજાવો.
- ધૂળીના પાત્ર ભજવવા એકપાત્ર અભિનય કરાવો.
- વિવિધ સ્ત્રીપાત્રો દ્વારા શ્રમગૌરવ અને ખુમારીનાં ઉદાહરણો આપો.
- 'ધર્માદાનું ન ખપે'--એવો દૃઢભાવ કેળવાય તેવા પ્રસંગો, કથાઓ, વ્યક્તિવિશેષનું વર્ણન કરો.

•

# એકમ 6 : નિબંધ, અહેવાલ-લેખન, વિચાર-વિસ્તાર

## ■ નિબંધ

'નિબંધ' શબ્દ સંસ્કૃત ભાષામાં પણ વપરાયેલો છે. અંગ્રેજીમાં નિબંધ માટે 'Eassay' શબ્દનો પ્રયોગ થાય છે. નિઃ+બંધ' એમ જોડાણ થઈને નિબંધ શબ્દ બન્યો છે. 'નિઃ' એટલે પૂરેપૂરું અને 'બંધ' એટલે બંધાયેલું, ગંઠાયેલું અને રચાયેલું. કોઈ એક વિષય પર મુદ્દાસર અને ક્રમબદ્ધ સૂચવેલી માહિતી આપવી એનું નામ નિબંધ. નિબંધ વિશે મહત્ત્વની થોડી બાબતો વિશે આપણે ચિંતન કરીએ :

(1) નિબંધના 'શીર્ષક' વિશે સૌ પ્રથમ વિચાર થવો જોઈએ. શીર્ષકના આધારે નિબંધલેખનમાં ક્યા મુદ્દાઓ સમાવવા તેનો ખ્યાલ આવે છે.

(2) નિબંધના બધા મુદ્દાઓનું અનુસંધાન તેનું શીર્ષક બની રહેવું જોઈએ. વિષયની બહાર જઈ મુદ્દાઓની ચર્ચા કરવી-એમાં વિષયનું તાદૃશ્ય જળવાઈ શકતું નથી.

(3) શીર્ષકના આધારે તેના મુદ્દાઓની નોંધ કર્યા પછી ક્યા મુદ્દાને કેટલો અને કેવી રીતે વિસ્તારવો છે તેનું મનન કરવું જોઈએ.

(4) મુદ્દાને અનુરૂપ અને વિષયને સંગત હોય તેવાં અવતરણો, કહેવતો, રૂઢિપ્રયોગો, ગુજરાતી કે અન્ય જાણીતી ભાષાની પંક્તિઓ, સુભાષિતો, વગેરેનો ઉપયોગ નિબંધમાં કરવો જોઈએ. નિબંધના મુદ્દાઓમાં અલગ-અલગ સ્થાને તે મુકાય; એક સાથે બધી જ પંક્તિઓ એક જ મુદ્દામાં ન લખાય તેની સાવધાની રાખવી જોઈએ.

(5) વાક્યો અતિશય લાંબાં ન થાય તેનો લખતી વખતે ખાસ ખ્યાલ રાખવો.

(6) પરિચ્છેદની સપ્રમાણતા જળવાઈ રહે તેવી કાળજી કરવી.

(7) વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ થાય, અનુસ્વાર, જોડણી વગેરે પણ યોગ્ય રીતે લખાય તેની ખાસ કાળજી રાખવી.

(8) નિબંધનો પ્રથમ મુદ્દો પ્રસ્તાવના અને છેલ્લે મુદ્દો ઉપસંહાર યોગ્ય રીતે લખાય તે ખાસ જોવું. નિબંધના થોડા નમૂનાઓ જોઈ જવાથી આ કુશળતા આવી જશે.

(9) કાગળમાં યોગ્ય હાંસિયો રખાય, મુદ્દાઓ લખવામાં થોડા મોટા અક્ષર તાય. ફકરા-પરિચ્છેદની શરૂઆતમાં યોગ્ય જગ્યા છોડાય અને પ્રત્યેક પેટા મુદ્દાને અંતે ગુરુવિરામ મુકાય તે પણ ખાસ જોવું.

(10) પરીક્ષામાં પૂછાતા નિબંધો વિદ્યાર્થીની વય-કક્ષા અને અનુભવ જગતને ધ્યાને રાખીને જ પુછાય છે. એટલે 'શીર્ષક' ઉપર થોડું મનન કરવાથી તે વિષય-નિરૂપણ માટેના મુદ્દાઓ અને રજૂઆતના શબ્દો અવશ્ય મળી આવે છે. પણ હા, એ માટે અગાઉ થોડા નિબંધો જોઈ જવા જરૂરી ગણાય.

(11) નિબંધ પૂરેપૂરો લખાઈ જાય પછી તેને ઓછામાં ઓછો એક વખત અવશ્ય વાંચી જવો જોઈએ. જેથી તેમાં રહેલી નાની પણ જરૂરી ક્ષતિઓ સુધારી શકાય છે.

(12) સારું લખાણ લખવા માટે રોજબરોજની વૈશ્વિક, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આજુબાજુની મહત્ત્વની ઘટનાઓ વિશે જાણકારી પ્રાપ્ત થતી રહેવી જોઈએ. એ માટે વર્તમાનપત્રો, સામયિકો, સમાચારો સાથે નાતો જોડવો-જોડી રાખવો જોઈએ.

આટલી મહત્ત્વરૂપ બાબતોની કાળજી રાખવાથી આપણે અવશ્ય સારું લેખન કરી શકીએ છીએ. લેખન એ મહાવરાનો વિષય છે એટલે ક્રમશઃ આ વિષયમાં ચોક્કસ કુશળ બની શકાય છે.

● આપણે 'પુરુષાર્થ' વિષય પર લેખન કરવું હોય તો કેવી રીતે મુદ્દાઓનો વિચાર કરવો તેનો નમૂનો જોઈએ :

સૌ પ્રથમ આપણે વિચારીશું - પુરુષાર્થ એટલે શું ? પુરુષાર્થ વિશે બીજાના - અનુભવીઓના કેવા ખ્યાલો છે ? નસીબથી બધું સારું ગોઠવી શકાય કે પુરુષાર્થનો ખપ પડે ? પ્રારબ્ધીઓ અને પુરુષાર્થીઓ બંનેમાંથી કોણ ચડિયાતું ગણાય ? આપણે કેવા બનવું જોઈએ ? પુરુષાર્થ દ્વારા કંઈક પામ્યાં હોય એવાં કોણ કોણ ? -આટલો વિચાર કર્યા પછી આપણા મનમાં લેખનના મુદ્દાઓની એક રૂપરેખા આવી ગઈ હશે. હવે આપણે તેને આ મુજબ ક્રમમાં ગોઠવીશું.

**1.** પ્રસ્તાવના **2.** પુરુષાર્થ અને પ્રારબ્ધની તુલના **3.** પુરુષાર્થનું મહત્ત્વ અને જરૂરિયાત
**4.** પુરુષાર્થીઓની સિદ્ધિઓ **5.** ઉપસંહાર.

તમે જોયું ને...? વિચારનાં બિંદુઓ સાંકળીને મુદ્દાઓ તૈયાર કરી શકાય. હવે આ વિષયનિરૂપણ માટેના મહાન પુરુષાર્થીઓ અને નોંધપાત્ર અવતરણો વિશે વિચારીએ :

'ગાંધીજી', 'સરદાર વલ્લભભાઈ', 'રવિશંકર મહારાજ', 'એડિસન', 'અબ્રાહમલિંકન' અને આપણા પ્રદેશના આગળ પડતા પુરુષાર્થીઓને મુદ્દાઓ મુજબ અલગ અલગ સ્થાને ગોઠવતા જવું.

'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય.'

'उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथै:.'

'પુરુષાર્થ ભાગ્યનો ઘડવૈયો છે.'

'Self help is the best help.'

આ પંક્તિઓને લખાણમાં અલગ અલગ સ્થાને ગોઠવવી.

આ પ્રમાણે આપેલા વિષય ઉપર મનન કરવાથી અઘરો જણાતો વિષય પણ લખવામાં સરળ બનતો જશે. તમે પ્રયત્ન કરશો ચોક્કસ સફળતા મળશે. જ.

**સ્વાધ્યાય**

**1. નીચેના વિષયો પર નિબંધ લેખન કરોઃ**

(1) સ્વચ્છતા ત્યાં પ્રભુતા.
(2) મારા પ્રિય લેખક અથવા કવિ
(3) મેં જોયેલી એક દુર્ઘટના
(4) મારો યાદગાર પ્રવાસ
(5) જો હું મુખ્યમંત્રી હોઉં તો
(6) શહેરીજીવનની સમસ્યાઓ
(7) પુસ્તકો : આપણા મિત્રો
(8) એક સુકાયેલા ઝાડની આત્મકથા
(9) જાગ્યા ત્યારથી સવાર
(10) તહેવારોનું મહત્ત્વ

■ **અહેવાલ લેખન**

આપણે આંગણે રોજ સવારે છાપું આવે છે. કેટલી બધી ઘટનાઓનો અહેવાલ તે આપણી સામે રજૂ કરે છે. જગતમાં દરરોજ કેટલી બધી ઘટનાઓ બન્યા કરે છે. ભલે દરેક ઘટનાના સાક્ષી આપણે ન હોઈએ, પણ અહેવાલ વાંચીએ એટલે આપણે એ ઘટના વિશે જાણી શકીએ. અરે, એ ઘટના વિશે રસપૂર્વક આપણે બીજાને કહી પણ શકીએ. ઘટનાનો અહેવાલ યોગ્ય રીતે, નિશ્ચિત ક્રમમાં અને પદ્ધતિસર લખાય છે એટલે સરળતાથી સમજી શકાય છે. આવું લખાણ કરવા માટે પણ એનો અભ્યાસ જરૂરી છે. અભ્યાસ દ્વારા જ ભાષાસજ્જતા કેળવી શકાય છે.

શાળામાં ઉજવાતા પ્રસંગો, તહેવારો, અકસ્માત, કુદરતી ઘટનાઓ, કવિ-સંમેલન, વ્યાખ્યાન શિબિરો કેટલું બધું બને છે આપણી આસપાસ! આ બધાના વિશે ટૂંકો અહેવાલ લખીને તેને સૌ સુધી પહોંચાડી શકાય છે. આ અહેવાલ આલેખનને આપણે પ્રસંગ આલેખન તરીકે પણ ઓળખીએ છીએ.

ટૂંકમાં બનેલા બનાવ કે થયેલા કાર્યક્રમનો આંખે દેખ્યો ચિતાર શબ્દોમાં મૂકી આપવો એટલે અહેવાલલેખન કર્યુ કહેવાય. પત્રકારો આ કામગીરી કરીને દરરોજ આપણી સામે ઘટનાઓ મૂકયા કરે છે.

આવું પ્રસંગ આલેખન કરવા માટે નોંધપાત્ર બાબતો વિશે થોડુ જાણીએઃ

(1) અહેવાલ-પ્રસંગ આલેખનમાં શરૂઆતમાં ત્રણ-ચાર વાક્યોમાં આખા કાર્યક્રમની પ્રસ્તાવના રૂપે ટૂંકો ખ્યાલ આપવામાં આવે છે.ત્યારબાદ તેનું વિસ્તૃત વર્ણન ક્રમશઃ કરવામાં આવે છે અને છલ્લે બે-ચાર વાક્યોમાં ઘટના વિશે ઉપસંહાર આપવામાં આવે છે.

(2) ઘટનાના વિષયને રજૂ કરતું, ધ્યાન આકર્ષિત કરી શકે એવું યોગ્ય શીર્ષક આ અહેવાલને આપવું જોઈએ.

(3) અહેવાલનો વચ્ચેનો મુખ્યભાગ યોગ્ય ક્રમમાં મુકાય તે ખૂબ જરૂરી છે. વાંચનારને એક જ નજરમાં ઘટનાના તમામ આંકડાઓ ક્રમબદ્ધ પકડાઈ જવા જોઈએ.

(4) ઘટના માટે જરૂરી ન હોય તેવી કોઈ બાબત વિશેની આવડત-બિનજરૂરી વાતનો વિસ્તાર ન થવો જોઈએ.

(5) જરૂર જણાય ત્યાં અન્ય ઘટના પ્રસંગના સંદર્ભો સાંકળી શકાય.

(6) પ્રસંગ-ઘટનાને બરાબર ઉપસાવી શકે તેવાં વાક્યો હોવા જોઈએ. તેમાં જરૂર જણાય ત્યાં કાવ્યપંક્તિઓ, અવતરણો, કહેવતો, રૂઢિપ્રયોગો, અલંકારો વગેરે પણ વાપરી શકાય.

(7) જે ઘટનામાં આપણે હાજર ન હોઈએ તે સમયે ઘટનાના લખનાર તરીકે આપણે હાજર વ્યક્તિઓને મળી તેમની પોથી વિવિધ પ્રશ્નોત્તર દ્વારા સંપૂર્ણ રીતે માહિતગાર બનવું જોઈએ.

(8) જોડણી, વિરામચિહ્ન, અનુસ્વાર વગેરેનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ.

(9) અહેવાલલેખન થયા પછી એકાદવાર તેનું વાંચન કરી લેવું જોઈએ.

(10) પરીક્ષાખંડમાં તો આપણે કલ્પના દ્વારા જ આવું લેખન કરવાનું હોય છે એટલે આપણે આવી જુદી જુદી ઘટનાઓના થોડા અહેવાલોનો અભ્યાસ કરી લેવો જોઈએ.

અહીં આપેલા અહેવાલના નમૂનાનો અભ્યાસ કરો :

**ધોરણ-10 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ**
**ભાવનગર તા. 4-12-2016**

સ્વામિનારાયણ વિદ્યાલય, ચિત્રામાં ધોરણ-10 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તા.06-02-2016 ના રોજ સ્વામીજીના અધ્યક્ષસ્થાને પ્રાર્થનાખંડમાં યોજવામાં આવ્યો હતો.આ દિવસ ધો. 9 અને 10 ના તમામ વિદ્યાર્થીઓની કાર્યક્રમમાં હાજરી હતી.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી સમયસર ઉપસ્થિત હતા. શરૂઆતમાં પ્રાર્થના અને ભજન કરવામાં આવ્યાં. વર્ગશિક્ષક દ્વારા શબ્દોથી અને વિદ્યાર્થિનીઓ દ્વારા ઉપસ્થિત શિક્ષકોનું પુસ્તિકા દ્વારા અભિવાદન થયું. ત્યારબાદ આચાર્યશ્રી વિદાય લેતા વિદ્યાર્થીઓની અભ્યાસનિષ્ઠાને બિરદાવી સૌને પરીક્ષાની શુભકામના પાઠવી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ અરસ-પરસના લાગણી અને હૂંફભર્યા પ્રસંગો રજૂ કર્યા. કેટલાક સંસ્મરણોએ તો સૌની આંખોને ભીંજવી દીધી. વર્ષ દરમિયાન ધો.-10 ના

વિદ્યાર્થીઓએ કરેલ પ્રવૃત્તિઓ માટેનાં પ્રમાણપત્રો તેમને આપવામાં આવ્યાં. અંતમાં, અધ્યક્ષસ્થાનેથી સ્વામીજીએ સૌ શિક્ષકોની કામગીરીને બિરદાવી. વિદ્યાર્થીઓની અભ્યાસપ્રીતિ અને શિસ્તની પ્રશંસા કરી. પરીક્ષામાં વિદ્યાર્થીઓ ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરે તેવી શુભકામના પાઠવી. 'શુક્લપક્ષનો ચંદ્ર જેમ વૃદ્ધિ પામતો રહે છે તેવી પ્રગતિ આ વિદ્યાર્થીઓ કરતા રહો' તેવી સૌને આશિષ આપી.અંતે અલ્પાહાર લઈ સૌ છૂટાં પડ્યાં.

કાર્યક્રમના અંતે સૌએ અલ્પાહાર કર્યો. કાર્યક્રમ ખૂબ જ દબદબાભેર રહ્યો-તેની ખુશી સૌ પર છવાયેલી રહી. અંતે ભારે હૈયે સૌ વિખેરાયાં.

**સ્વાધ્યાય**

## 1. નીચેના વિષયો પર અહેવાલલેખન કરોઃ

(1) તમારા શિક્ષકનો વિદાય સમારંભ

(2) શાળામાં ઉજવાયેલ ગુરુપૂર્ણિમા ઉત્સવ

(3) શાળાનો શિયાળુ રમતોત્સવ

(4) રસ્તા પર થયેલો નાનકડો અકસ્માત

(5) શાળામાં યોજાયેલ વિજ્ઞાન પ્રદર્શન

(6) શહેર-ગામમાં યોજાયેલ પુસ્તક મેળો

(7) અતિવૃષ્ટિ - પૂર

(8) ધોરણ 12 ના વિદ્યાર્થીઓની વિદાય

(9) ભૂકંપ

### ■ વિચારવિસ્તાર

કોઈપણ અર્થસભર પંક્તિ, કાવ્યપંક્તિ, સુભાષિત, કે કહેવતને સરળ શબ્દોમાં અને વિસ્તારથી સમજાવવામાં આવે ત્યારે તે કાર્યને 'વિચારવિસ્તાર' કે 'અર્થવિસ્તાર' કર્યો કહેવાય.

આ કાર્ય કરવાના મુખ્ય ત્રણ તબક્કાઓ છે. પહેલા તબક્કામાં પંક્તિમાં રજૂ કરવામાં આવેલ મુખ્ય વિચાર કે રહસ્યને એક-બે લીટીમાં વર્ણવવું. બીજા તબક્કામાં પંક્તિમાં રહેલા ભાવાર્થને સમજાવવો. વિસ્તારપૂર્વક અને અનુરૂપ દૃષ્ટાંતોની મદદથી તેમાં રહેલા મુખ્ય ધ્વનિ (વ્યંગ્યાર્થ) ને સમજાવો. જેમાં વિચારને અનુરૂપ-અનુકૂળ અન્ય પંક્તિઓ પણ મૂકી શકાય. ત્રીજા તબક્કામાં એ વિચારમાંથી પ્રગટતા-રજૂ થતા જીવનવિષયક અર્થબોધને બે-ત્રણ લીટીમાં મૂકી આપવાનો હોય છે.

તમે પાંચમા ધોરણથી વિચારવિસ્તાર કરતાં આવ્યાં છો. તેમાં કઈ કઈ બાબતોનો કેવી રીતે સાંકળવી તે હવે તમે સારી રીતે જાણો છો. વળી, નિબંધ, અહેવાલ વગેરે લેખનના મુદ્દાઓમાં જે ભાષા-વ્યાકરણ વિષયક કાળજી લેવાની વાતો કરી છે-તે દરેક બાબતો આને પણ લાગુ પડે છે. એટલે આ વિષયે વિશેષ માર્ગદશર્નની જરૂર પડે જ. થોડી સારી પંક્તિઓ, જાણીતા સુભાષિતો, પ્રસંગો વગેરેની મદદથી તમે કોઈપણ લેખનને સારું અને અસરકાર બનાવી શકો. એટલે એવી અપેક્ષા તો તમારી પાસેથી આ તબક્કે પણ રહે છે.

આપણે અર્થવિસ્તારનો એક નમૂનો જોઈએ :

**રેલાઈ આવતી છો ને બધી ખારાશ પૃથ્વીની,**
**સિંધુના ઉરમાંથી તો ઊઠશે અમી વાદળી.**

આ પંક્તિમાં કવિએ સજ્જનના સમાજ સાથેના સુરુચિપૂર્ણ વ્યવહારની પ્રશંસા કરી છે. ઉત્તમ પુરુષો પોતે કડવા ઘૂંટ ગળીને અન્યને અમૃત પીરસે છે. આ વાત સમુદ્રના ઉદાહરણ દ્વારા રજૂ કરી છે.

સમુદ્રમાં દરરોજનો કેટલા ટન કચરો ઠલવાય છે! કચરો ઠાલવવાનું સર્વસામાન્ય સ્થાન સમુદ્ર જ હોય તે રીતે માનવસમાજ તેની સાથે વ્યવહાર કરે છે. નદીઓ પણ પોતાની સાથે અઢળક મલિન પદાર્થો દર વર્ષે ઠાલવ્યા કરે છે. આ બધો જ કચરો દરિયો જાણે પ્રેમથી સ્વીકારે છે. આ મલિનતાને કારણે તેનું પાણી એકદમ ખારું બની જાય છે. ગરમી પડતાં આ

પાણીની વરાળનાં વાદળાં બંધાય છે. પણ વાદળાં વરસે છે મીઠું અમૃત જેવું પાણી! ખારાશને પોતાના ઉદરમાં સંઘરી રાખીને સાગર સૌને મીઠું પાણી મોકલે છે. આ વરસાદના અમૃત સમાન પાણી જેવી મીઠાશ બીજા શેમાંથી મળે?

દુનિયામાં સજ્જનોનું કામ સમુદ્ર જેવું છે. બીજા લોકો તેની સાથે ગમે તેવો દુર્વ્યવહાર કરે તો પણ સજ્જન પોતાની સાધુતા છોડતો નથી. તે હંમેશા દરેક વ્યક્તિનું ભલું જ ઈચ્છે છે. 'કર ભલા તો હોગા ભલા' એ વાતમાં તેની અટલ શ્રદ્ધા છે. ભગવાન શંકર ઝેરને ગટગટાવી ગયા, અમૃત બીજાને આપ્યું. 'ભગવાન ઈસુ', 'સત્યવીર સોક્રેટીસ', 'મહાત્મા ગાંધીજી' આ બધાંએ કેટલાં અપમાનો સહન કર્યાં. આખી જિંદગી બીજાના ભલા માટેના પ્રયત્નો એમણે કદી છોડયા નહીં. અરે, પોતાના જીવન પણ હસતે મુખે આપી દીધાં. 'ઘસાઈને ઉજળા થઈએ' એ જીવનસૂત્રને આચરણમાં મૂકીને રવિશંકર મહારાજે આખી સદી પૂરી કરી, પણ ક્યારેય કડવાશ કોઈને વહેંચી નહીં.

આમ, સાગરના ઉદાહરણ દ્વારા સમાજમાં જીવતા ઉત્તમ પુરુષોની કાર્યરીતિને કવિએ ઉજાગર કરી છે. આજે પણ આવા સજ્જનો આપણી આજુબાજુ વસે છે. હા, આપણે એમને ઓળખવામાં ઘણી ભૂલ કરીએ છીએ.

**સ્વાધ્યાય**

## 1. નીચેની પંક્તિઓનો અર્થવિસ્તાર કરો.

(1) કે હીન જન્મે નવ હીન માનવ,
કે હીન કર્મે કરી હીન માનવ.

(2) હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી.

(3) કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે,
પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું , વેરીશ હું .

(4) જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.

(5) નિશાનચૂક માફ, નહિ માફ નીચું નિશાન.

(6) જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે.

(7) સંત કે પયગમ્બરોનો આટલો સંતોષ છે :
ધર્મની શોભા વધે છે પ્રેમ ને બલિદાનથી.

•

## પૂરક વાચન

# 1 અનૂદિત કાવ્યો

**શંકર વૈદ્ય**

**(જન્મ : 15-6-1928; અવસાન : 23-9-2014)**

શંકર વૈદ્ય મરાઠી સાહિત્યના મોટા ગજાના સાહિત્યકાર છે. કવિ, ઉત્તમ વક્તા, વિવેચક તેમજ નિબંધલેખક એવા શંકર વૈદ્યનું કર્મક્ષેત્ર મુંબઈ-પૂના રહ્યું છે. ઈ.સ.1971માં એમનો પહેલો કાવ્યસંગ્રહ 'કાળસ્વર' બહાર પડ્યો. એ પછી 'દર્શન' 1998 માં પ્રગટ થયો. 'આલા ક્ષણ, ઘેલા ક્ષણ' એમનું નોંધપાત્ર પુસ્તક છે. તેઓ મહારાષ્ટ્ર સરકાર, વાગ્વિલાસિની, કોંકણ-મરાઠી સાહિત્ય પરિષદ તેમજ માસ્ટર દિનાનાથ પુરસ્કારોથી નવાજાયા છે.

શંકર વૈદ્યની પ્રસ્તુત કૃતિ 'કબાટમાંના પુસ્તકો', ગુજરાતીમાં તેમજ અનેક ભાષાઓમાં અનૂદિત થઈ છે. આ કવિતા સોરવાતાં પુસ્તકોનું હૈયું ખોલે છે. વિદૂષી અરૂણા જાડેજાએ એનો સુંદર ગુજરાતી અનુવાદ આપ્યો છે.

---

### 1. કબાટમાંના પુસ્તકો

પુસ્તકો સપનામાં આવે અને પૂછે,<br>
'તેમ અમને ઓળખ્યાં કે ?'<br>
-વાત કરતાં કરતાં પુસ્તકો ઓગળે<br>
અને અથાગ પાણી થઈને છલકાતાં પૂછે,<br>
'તું ક્યારેય અમારામાં નાહ્યો છે કે? તર્યો છે કે?'<br>
પુસ્તકો પછી ઘેઘૂર વૃક્ષ થઈ જાય<br>
અને પૂછે,<br>
'અમારાં ફળ ક્યારેય ખાધાં છે કે ?<br>
છાયામાં ક્યારેય પોરો ખાધો છે કે ?<br>
પુસ્તકો ફરફરતો પવન થઈ જાય<br>
અને પૂછે,<br>
'શ્વાસ સાથે ક્યારેય અમને હૈયામાં ભર્યાં છે કે ?'<br>
પુસ્તકો આવું કશુંક પૂછતાં રહે<br>
એક પછી એક<br>
દરેક પ્રશ્નનો મારી પાસે જવાબ નથી હોતો<br>
બેસી રહું ચૂપચાપ બસ એમની સામે જોતો.<br>
ક્યારેક પુસ્તકો કાચના કબાટમાં જઈને બેસે<br>
અને કહે,<br>
એટલે સરવાળે તો અમારી જિંદગી ફોગટ જ ને<br>
પુસ્તકો મૂંગામંતર થઈ જાય<br>
ઝૂર્યે જાયે<br>
જાતને ઊધઈને હવાલે કરે એ-<br>
આખરે આત્મહત્યા કરે<br>
ઘરમાં ને ઘરમાં જ<br>
બંધ કબાટના કારાગૃહમાં !

**શબ્દાર્થ**

**ઘેઘૂર** ઘટાવાળું, ઘટાદાર **ફોગટ** વ્યર્થ, નકામું

**કૈલાસ બાજપેયી**
**(જન્મ : 11-11-1934)**

કૈલાસ બાજપેયી હિન્દી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર છે. તેઓ એમ.એ., પીએચ.ડી. હતા. અધ્યાપક હતા. દિલ્લી દૂરદર્શન માટે હરિદાસ સ્વામી, સૂરદાસ, જે. કૃષ્ણમૂર્તિ, રામકૃષ્ણ પરમહંસ અને બુદ્ધના જીવન પર ફિલ્મો તૈયાર કરી. ભારતીય દૂરદર્શનના હિન્દી સલાહકાર સમિતિના સભ્ય હતા. 'આધુનિક હિન્દી કવિતામાં શિલ્પ' વિષય પર ડૉક્ટરેટ પ્રાપ્ત કરી. સંક્રાન્ત (1964), દેહાંત સે હટકર (1968), તીસરા અંધેરા (1972), મહાસ્થાન કા મધ્યાન્તર (1980), સૂફીનામા (1992), હવા મેં હસ્તાક્ષર (2005), શબ્દ સંસાર (2006), અનહદ (2007) એમના કાવ્યસંગ્રહો છે. અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે.

આ કાવ્યમાં દાનના મહત્ત્વ કરતાંયે દાનપાત્ર વ્યક્તિની દાનત વધુ ધારદાર રીતે રજૂ થઈ છે. ભિખારી જેવા સામાન્ય માણસની વૈચારિક ઊંચાઈ તેને મહાન બનાવી, કાવ્યને ચિરંજીવ કરે છે. ભિખારીને રોજ કશુંક આપતી વખતે ભિખારી, આકાશ તરફ જોઈ, ઈશ્વરનો આભાર માનતો હોવાનું લાગતાં કાવ્યનાયક છંછેડાય છે. આભાર તો મારો માનવો જોઈએ- એવું માનતા નાયકને ભિખારીનો જવાબ સામાન્ય માણસમાં રહેલી ઉદાત્ત ભાવનાનો પરિચય કરાવે છે. 'જે મને આપે છે, એને તું હજી વધુ આપ' એવી ભિખારીની પ્રાર્થનામાં 'કર ભલા તો હોગા ભલા'નો ભાવ રહેલો છે. તમે જેની પાસે કોઈ અપેક્ષા નથી રાખી એ પણ તમારા ભલા માટે પ્રાર્થના કરતો હોઈ શકે એ સત્ય અહીં પ્રગટ્યું છે. ભિખારીની આ પ્રાર્થના એના ભિખારીપણાને અતિક્રમી જાય છે.(મિટાવી દે છે!) સર્જકે આથી જ, આખા કાવ્યમાં ક્યાંય 'ભિખારી' શબ્દ નથી પ્રયોજ્યો એ કાવ્યની વિશેષતા છે. કાવ્યનો અનુવાદ નલિની માડગાંવકરે કર્યો છે.

---

## 2. એને તું હજી વધુ આપ

મેલાંઘેલાં કપડાંવાળો તે
રસ્તાના વળાંક પર
મને રોજ દેખાતો.
હું પણ ક્યારેક ક્યારેક
મારી પાસેના સિક્કાઓ
મૂકતો એની
નાનકડી હથેળીમાં.
એ દર વખતે
આભારવશ ભીની આંખોથી
આકાશ તરફ જોતો.
એક દિવસ મેં છંછેડાઈને પૂછ્યું,
'અલ્યા, દેનારો તો હું છું -
અને તું ઊંચે જોઈને
કોને, શું કહે છે ?'
'જે મને આપે છે,
એને તું હજી વધુ આપ'
પીળી આંખોવાળાએ જવાબ આપ્યો.

**શબ્દાર્થ**

**આભારવશ** આભારના ભાવવાળું **છંછેડાઈને** ચીડાઈને (અહંકારને ઈજા થતાં)

| 2 | રોજિંદા જીવનનું વ્યાકરણ |
|---|---|

**નગીનદાસ પારેખ 'ગ્રંથકીટ'**

**(જન્મ : 30-8-1903; અવસાન : 19-1-1993)**

વિવેચક અને અનુવાદક એવા નગીનદાસ નારણદાસ પારેખ 'ગ્રંથકીટ'નો જન્મ વલસાડમાં થયો હતો. વલસાડની આવાંબાઈ હાઈસ્કૂલમાં શિક્ષણ લીધું. રાષ્ટ્રીય શાળામાં જોડાયા. વિદ્યાપીઠમાં આચાર્ય ગિદવાણી, શ. વિ. પાઠક, કાકા કાલેલકર, ધર્માનંદ કોસંબી, પંડિત સુખલાલજી જેવા વિદ્યા સ્વામીઓનો લાભ મળ્યો. વિવેચન, સંપાદન તેમજ વિશ્વસનીય અનુવાદો ગુજરાતી ભાષા-સાહિત્યની વિશિષ્ટ ઉપલબ્ધિ ગણાય છે. એમનાં દોઢસો જેટલાં પુસ્તકોમાંથી નેવું જેટલાં પુસ્તકો માત્ર અનુવાદનાં છે. બંગાળી કૃતિઓમાં તેમજ કાવ્યશાસ્ત્રોના ગ્રંથોના નોંધપાત્ર અનુવાદો તેમણે આપ્યા છે. મહાત્મા ગાંધી અને રવીન્દ્રનાથ ટાગોરની સંસ્થાઓમાં તેમણે અભ્યાસ કર્યો તેથી ગાંધી-રવીન્દ્ર પ્રીતિ એમના જીવન-કથનમાં ગૂંથાયેલા જોવા મળે છે.

પ્રસ્તુત લેખ 'રોજિંદા જીવનનું વ્યાકરણ' ગાંધીજીના રોજિંદા જીવનના કેટલાક આગ્રહો વિશેનો છે. પોતાની ઊણપોને દૂર કરીને, ગાંધીજીએ પોતાના સદ્‌ગુણોને આખી પ્રજામાં કેવી રીતે વ્યાપક બનાવ્યા તેની વિગતો નગીનદાસ પારેખે આ લેખમાં આપી છે.

---

ગાંધીજીને આપણે મહાત્મા કહીએ છીએ, રાષ્ટ્રપિતા કહીએ છીએ. હજારો વર્ષો અવતરતી વિરલ વિભૂતિ કહીએ છીએ અને એમાં સત્યનો અપલાપ પણ નથી. એમણે પોતાના એક ટૂંકા જીવન દરમ્યાન અનેક જીવનોનાં કાર્યો પતાવ્યાં. તેમાંનાં કેટલાંક તો સાચે જ મહાન કાર્યો હતાં. ભારત જેવા વિશાળ દેશને બ્રિટિશ સલ્તનત જેવી પ્રચંડ સત્તાની નાગચૂડમાંથી છૂટવામાં મદદ કરી. ભારતની સ્ત્રીઓને જાણે જાદુથી ન હોય એમ જોતજોતામાં પુરુષોની હરોળમાં મૂકી દીધી અને અણુ શસ્ત્રથી ત્રસ્ત જગતને આત્મબળનું હથિયાર અર્પ્યું. એમણે ભારતને સ્વરાજનો એક નકશો પણ આપ્યો હતો, જેને આજે આપણે વિસારે નાખ્યો છે. પણ હું આજે એમનાં આ બધાં મોટાં અને મહત્ત્વનાં કાર્યો વિશે બોલવાને બદલે એમના રાજિંદા જીવનના કેટલાક આગ્રહો વિશે જ બે વાત કહેવા માગું છું. એ આગ્રહોને આપણે રોજિંદા જીવનનું વ્યાકરણ કહીએ તોય કંઈ ખોટું નથી.

ગાંધીજી સાચા અર્થમાં લોકનેતા હતા. તેઓ લોકોથી દોરાતા નહોતા. લોકોને દોરતા હતા. એમણે આપણા જીવનમાં કેટલીક ઊણપો જોઈ હતી અને એમના ઇંગ્લૅન્ડવાસીએ બધીનું એમને તીવ્ર ભાન કરાવ્યું હતું. અને તે ઉપરથી એમણે પ્રચંડ પુરુષાર્થપૂર્વક પોતાના જીવનમાંથી એ ઊણપોને દૂર કરી નવી ટેવો પાડી હતી અને આપણી આખી પ્રજામાં તેને વ્યાપક બનાવવા તેઓ જીવનભર મથ્યા હતા. પોતાની પ્રયોગશાળારૂપ આશ્રમોમાં એમણે આ બધા આગ્રહો ઉપર ખૂબ ભાર મૂક્યો હતો અને જાહેર જીવનમાં પણ તેઓ એ બાબતોનો આગ્રહ રાખતા રહ્યા હતા.

(1) આવો પહેલો આગ્રહ છે સમયપાલનનો. આપણા દેશમાં જાહેર કરેલ સમયે કોઈ સભાનું કામ ભાગ્યે જ શરૂ થતું. આજે પણ હંમેશાં થાય જ છે એમ નથી બનતું. સેંકડો કે હજારો માણસોનો સમય બગડે એની જાણે આપણને કિંમત જ નતી. એમાં સભામાં સમયસર આવનારનું અપમાન છે. તેમને વગર કારણે સજા થાય છે. એ પણ આપણને સમજાતું નથી. પણ ગાંધીજી આ બાબતમાં ખૂબ ચાનક રાખતા હતા. જે સમય જાહેર થયો હોય તે સમયે કાર્ય શરૂ થવું જ જોઈએ એવો એમનો આગ્રહ રહેતો. ગોધરામાં અંત્યજ પરિષદ મળી ત્યારે ઘણે ભાગે લોકમાન્ય તિલક અર્ધો કલાક મોડા આવ્યા હતા. તે જ વખતે ગાંધીજીએ કહ્યું હતું કે, 'સ્વરાજ અર્ધો કલાક મોડું થયું!'

1927માં તેઓ વિદ્યાપીઠમાં દર અઠવાડિયે એક સમય લેતા હતા. એકવાર સમય પતાવી બહાર આવ્યા ને બીજું કોઈ વાહન નહોતું એટલે સાઈકલ માગી તેના પર સવાર થઈ આશ્રમ ઊપડી ગયા! ત્યાં કોઈને મળવાનો સમય નક્કી થયેલો હતો.આફ્રિકામાં સાઇકલ વાપરી હશે ત્યાર પછી અનેક વર્ષો ફરી સાઇકલ પર બેઠા. એકવાર દક્ષિણના પ્રવાસ દરમિયાન તો

કોઈ મુકામે પહોંચ્યા. ત્યાંથી સભાસ્થાન થોડું દૂર હતું. એટલે એમણે વ્યવસ્થાપકો પાસે જાણી લીધું કે પગે ચાલીને ત્યાં જતાં કેટલો સમય લાગે છે. સભાનો સમય થવા આવ્યો એટલે એમણે ઊપડવાની તૈયારી કરી, પણ કોઈ વાહન હજી આવ્યું નહોતું એટલે એમણે પગપાળા જ ચાલવા માંડ્યું અને સમયસર સભામાં પહોંચી ગયા આવો હતો એમનો સમયપાલનનો આગ્રહ.

સમયપાલનનો એક બીજો અર્થ પણ થાય છે અને તે એ કે નીમેલ વખતે નીમેલું કામ કરવું. અમુક વખતે ઊઠવું, અમુક વખતે ફરવા જવું. અમુક વખતે ઉપાસના કરવી, અમુક વખતે ભોજન લેવું. અમુક વખતે મુલાકાત આપવી. વગેરે આ બધું પણ તેઓએ ખૂબ કાળજીપૂર્વક પાળતા. જેને જે વખતે મુલાકાતનો સમય આપ્યો હોય તેને તે વખત અંદર બોલાવતા અને સમય પૂરો થતાં ઘડિયાળ બતાવતા. આટલા બધા કામગરા હતા છતાં એમમે કદી ઉપાસના કે ફરવાનું છોડ્યું હોય એવું બન્યું નથી. સવાર સાંજ ફરવા જવાનો સમય એમણે જીવનભર અત્યંત ચીવટપૂર્વક પાળ્યો હતો. વિલાયત ગયા હતા ત્યારે ત્યાંની ઠંડી અને ધુમ્મસમાં પણ એઓ ફરવા નીકળતા હતા. અને એઓ શરીર પ્રત્યેની પોતાની ફરજ સમજતા હતા. જે શરીર પાસે આપણે કામ લેવાનું છે તેના સ્વાસ્થ્ય માટે આવશ્યક એવો વ્યાયામ એને આપવો જ જોઈએ અને એની પાછળ ખરચેલો સમય બગડ્યો એવું એમણે કદી માન્યું નથી. એને એઓ શરીરરૂપ ઘોડાને ખરેરો કર્યા બરોબર ગણતા હતા.

સમયપાલનનો એક ત્રીજો પણ અર્થ છે. કામ કરવાનું નક્કી કરે ત્યારે ઘણી વાર તે પૂરું કરવાનો સમય પણ નક્કી કરતા હતા. આને લીધે એ કામ તાકીદનું એવી ભાવના સૌના મનમાં જાગતી હતી એને તેથી સૌ પોતાની બધી શક્તિ તેમાં રેડવા પ્રેરાતા હતા. એમણે લોકમાન્ય તિલકના અવસાન પછી એક કરોડ રૂપિયા ભેગા કરવાનો સંકલ્પ જાહેર કર્યો તેની સાથે જ તે કામ અમુક દિવસે પૂરું થવું જોઈએ એ પણ જાહેર કર્યું અને એથી આખા રાષ્ટ્રે તનતોડ મહેનત કરી એ દિવસે સાંજ સુધીમાં એ રકમ પૂરી કરી પણ ખરી. વિદ્યાપીઠને એમણે જોડણીકોશ રચવાનો આદેશ કર્યો તે સાથે જ કોશ એમને અમુક દિવસે મળવો જોઈએ એવું પણ જણાવ્યું. અને એ ઠરાવેલ દિવસે-રાતે એઓ અમદાવાદ સ્ટેશનેથી પસાર થવાના હતા. એટલે કોશની પહેલી નકલ એમને પહોંચાડવા મુકી કાકાસાહેબ, નરહરિભાઈ વગેરે ગયેલા એ હજી મને યાદ છે.

(2) એમનો બીજો આગ્રહ સ્વચ્છતા વિશેનો હતો. અસ્વચ્છતા એ આપણા દેશનો વ્યાપક રોગ છે. આપણા અંગત જીવનમાં સ્વચ્છતા હોય છે. પણ સામૂહિક જીવનમાં જોવા મળતી નથી. આપણે આપણા ઘરનો કચરો કાઢી-પડોશી કે સામાના આંગણામાં નાખીએ છીએ, આપણે કેરી ખાઈને છાલ-ગોટલા સામાના આંગણામાં પધરાવીએ છીએ, દાતણ કરીને ચીરીઓ સામે નાખીએ છીએ. આમ આપણે પરસ્પર સહકારથી ગંદા રહીએ છીએ. આ આપણી અસ્વચ્છતા સામે ગાંધીજી જીવનભર ઝૂઝયા. ઠેઠ આફ્રિકાથી એમણે આ ઝુંબેસ શરૂ કરી હતી. એમણે સ્વચ્છ જીવનનો કેવળ ઉપદેશ જ ન કર્યો એના દાખલા પૂરા પાડ્યા. એમના બધા જ આશ્રમોમાં અને બીજી સંસ્થાઓમાં સ્વચ્છતાનો આગ્રહ સદા સેવાતો. સ્વચ્છતા શી રીતે જળવાય એનો વિચાર કરી એમણે જીવનપદ્ધતિ અને સાધનો પણ ઉપજાવી કાઢ્યાં અને તેનો પ્રચાર કર્યો પાયખાના અને મૂતરડીઓ, રસોડાં અને ખાતરનાં ખાડા કેવા હોય અને કેમ સ્વચ્છ રખાય એમણે પ્રત્યક્ષ કરી બતાવ્યું અને તેનો સર્વત્ર આગ્રહ રાખ્યો. જાજરૂની સફાઈને એમણે સંસ્થાની કસોટી બનાવી મૂકી. એમનું પોતાનું જાજરૂ એટલું સ્વચ્છ રહેતું કે એઓ ઘણું વાચન ત્યાં જ કરતા એક વાર શ્રીનિવાસ શાસ્ત્રી આશ્રમમાં આવેલા તેમને આશ્રમનાં જુદાં જુદાં સ્થાનો બતાવ્યાં તેમાં ગાંધીજીનું પાયખાનું પણ બતાવ્યું. તેમાં તે વખતે ખૂબ ચર્ચા તો ફિસ્કલ કમિશનનો અહેવાલ પડ્યો હતો, તે જોઈને શ્રી શાસ્ત્રીએ પૂછ્યું કે ગાંધીજી કાગળ વાપરે છે? ત્યારે તેમને જણાવવામાં આવ્યું કે ના, એઓ અહીં એ વાંચે છે. ગાંધીજીનું પાયકાનું 'લાઈબ્રેરી' નામે પણ ઓળખાતું એનું આ કારણ છે.

(3) સ્વચ્છતા પછી સુઘડતા. સુઘડતા એટલે ઉપરની ટાપટીપ નહિ. પણ એકેએક ઝીણાંમાં ઝીણું કામ પણ વ્યવસ્થિત અને સફાઈબંધ રીતે કરવું તે. કાગળ ફાડવો હોય તોયે તે વ્યવસ્થિત રીતે ફાડવો જોઈએ. કાગળની ગડી કરવી હોય તો તે

બરાબર ખૂણેખૂણો મળી રહે એ રીતે વાળવી જોઈએ. કૂતરાના કાનની પેઠે ખૂણા બહાર દેખાય એમ નહિ. ગાદી ઉપર ચાદર પાથરવી, ધોતિયું પહેરવું, ટોપી પહેરવી.- બધામાં જ આ ચીવટ અને સફાઈનો તેઓ આગ્રહ રાખતા. પોતે તો માત્ર લંગોટ પહેરતા હતા, પણ ખૂબ વ્યવસ્થિત રીતે પહેરતા અને તેને ઘટતે સ્થાને પિન લગાવતા કે જેથી અવ્યવસ્થિત થાય નહિ. એમને કદી કોઈએ જથરપથર કે અવ્યવસ્થિત જોયા નથી. શ્રી નરહરિભાઈ એક વાત કહેતા. આશ્રમની જમીનને અંગે કલેક્ટરને કે કમિશનરને મળવા જવાનું હતું. શ્રી નરહરિભાઈ અને મહાદેવભાઈ તરત તૈયાર થઈ ગયા. પણ ગાંધીજી કહ્યું : 'જુઓ, સાંભળો, હજામત કરીને જજો.'

(4) એ પછી સફાઈ અને કરકસર આવે. ગાંધીજીએ પોતાને ગરીબ ભારતના પ્રતિનિધિ માનેલા એટલે પોતાનું જીવન પૂરી સાદાઈથી એમણે વિતાવ્યું. પોતાની જાત માટે ઓછામાં ઓછાં સાધનો લેવાં, અનાવશ્યક કશું જ ન રાખવું એવો એમનો સતત આગ્રહ હતો. એમણે લંગોટ પહેરવો શરૂ કર્યો તેની પાછળ દરિદ્રનારાયણ સાથે તાદાત્મ્ય સાધવાની ભાવના રહેલી હતી. ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરવી. એમાં પણ એ જ ભાવના હતી. ગોળમેજી પરિષદ માટે વિલાયત ગયા ત્યારે પણ પોતાનો વેશ એ જ રાખ્યો અને શહેનશાહને પણ એ જ વેશે મળ્યા. ત્યાં એમને માટે મીરાંબહેને બજારમાંથી મધ મંગાવ્યું, તો તેમની ધૂળ કાઢી નાખી, વિલાયત જવા ઊપડ્યા ત્યારે સાથે, મહાદેવભાઈ, પ્યારેલાલ, દેવદાસ વગેરેએ મિત્રોની સલાહસૂચના અને સહાયથી ચામડાની બેગો ભરીને સામાન લીધો હતો. સ્ટીમર ઊપડ્યા પછી ગાંધીજી ઝડતી શરૂ કરી અને જે પુણ્યપ્રકોપનો ધોધ વહેવડાવ્યો તે આ બધાનાં આંસુથી પણ ઠર્યો નહિ. એડનથી બધી ટ્રંકો અને વધારાનો સામાન પાછો દેશ મોકલ્યો ત્યારે જ જંપ્યા.

' હું ભારતના દીનજનોનો પ્રતિનિધિ મારા મંત્રીને કાગળ રાખવા ચામડાની બેગ શા સારું જોઈએ? કાદીના થેલી કેમ ન ચાલે?' વગેરે, વગેરે. કૉંગ્રેસે ભારતના દરિદ્રનારાયણોની પ્રતિનિધિ એ વાત એઓ કદી ભૂલતા નહોતા. ગોળમેજીમાં પણ એમણે સ્પષ્ટ કહેલું કે દરિદ્રનારાયણોના હિતની આડે આવતું કોઈપણ હિત સાચવવાની હું બાંયધરી આપતો નથી. યરવડા જેલમાં સરદાર વલ્લભભાઈ પટેલ ગાંધીજી માટે ખજૂર ધોઈને તૈયાર કરતા. પંદર પેશી લેવાનો નિયમ હતો. વલ્લભભાઈ કોઈવાર સત્તર સરકાવી દેતા તો ઠપકો સાંભળવો પડતો. પોતે પાછળથી પાણી પણ શીશીમાં લઈને વાપરતા, જેથી નકામો વ્યય ન થાય. પોતા ઉપર આવેલા પત્રોની પાછલી કોરી બાજુનો પણ ઉપયોગ કરતા.

પણ આ કંજૂસાઈ નહોતી. જ્યાં જરૂર હોય ત્યાં એ હજારો વાપરતાં પણ અચકાતા નહિ. આશ્રમમાં પણ માંદાં જ માટે ફળ જરૂર આવવાનાં. એકવાર બંગાળની પ્રાંતિક પરિષદમાં હાજર રહેવાનું એમણે દેશબંધુ દાસને વચન આપ્યું હતું તે પાળવા સ્પેશિયલ ટ્રેન જોડાવીને પણ ગયા હતા. 'યંગ ઇન્ડિયા' કે 'હરિજન' માટે ઘણી વાર આખા લેખો તારથી મોકલતા. એટલું જ નહિ. કોઈ વાર જરૂર પડ્યો સુધારા પણ તારથી કરાવતો એમને નકામો ખર્ચ કે ઉડાઉપણું નહોતું લાગતું. પણ પોતે જેને ન્યાય ન માને એવી એક પાઈને પણ મંજૂર ન કરતા 1944માં જ્યારે પાર્લમેન્ટરી કમિશન આવ્યું ત્યારે એઓ ઉરુળીકાંચન હતા. કમિશનની ઇચ્છા તરત જ એમને મળવાની હતી એટલે તેમણે ખાસ વ્યવસ્થા કરી લશ્કરી વિમાનમાં શ્રી સુધીર ઘોષને પૂના મોકલ્યા. એમણે ગાંધીજીને દિલ્લી જવા રાજી કર્યા અને એમને માટે વાઇસરૉયે આપેલી સૂચના પ્રમાણે સ્પેશિયલ ટ્રેન જોડાવી અને એમ ગાંધીજી દિલ્લી પહોંચ્યા. ત્યાં પહોંચ્યા પછી પોતાની સાતે તેર માણસો હતા તેમનું ત્રીજા વર્ગનું ભાડું ગણી તેટલી રકમ વાઇસરૉયના અંગત મંત્રીને આપવા સુધીર ઘોષને મોકલ્યા. મંત્રી તો આભો જ થઈ ગયો. 'હું અહીં રેલવેનું ભાડું ઉઘરાવવા બેઠો છું! કોણ એની પાસે ભાડું માગે છે?' છતાં આગ્રહ થયો એટલે તેણે રેલવે બોર્ડને પુછાવી જણાવ્યું કે ભાડું આપવું જ હોય તો આ પ્રવાસનું પૂરું ખર્ચ 18000 થાય છે. સુધીર ઘોષે જઈ વાત કરી, તો કહે, ના હું ત્રીજા વર્ગનું સામાન્ય ભાડું જ આપું. હું આવ્યો હોત તો એ રીતે જ આવત. પણ વાઇસરૉયે સ્પેશિયલ જોડાવી એનું ખર્ચ હું શાનો ભોગવું? અને મારે એના ઓશિયાળા થવું નથી એટલે મારું રીતસરનું ભાડું તો આપવાનો જ. એમણે પોતાને હિસાબે થતું ભાડું જ મોકલ્યું અને તે પેલાએ

મૂંગે મોઢે લઈને રેલવે બોર્ડને - મિ. ગાંધી તરફથી સલામ સાથે એમ કહીને મોકલી આપવું પડેલું ?

(5) એની સાતે હિસાબની ચોકસાઈ પણ સંકળાયેલી છે. એમણે ઘણે ભાગે આત્મકથામાં લખેલું છે કે ચોખ્ખો હિસાબ એ કોઈપણ સંસ્થાનું નાક છે. જાહેર નાણાંની પાઈએ પાઈ જે હેતુ માટે આવી હોય તે હેતુ માટે જ અને પૂરતી કરકસરપૂર્વક વપરાય એ વિશે એમનો આગ્રહ ખૂબ જાણીતો છે. એઓ પોતે દક્ષિણ આફ્રિકાથી જ્યારે પ્રતિનિધિમંડળ તરીકે વિલાયત ગયા હતા, ત્યારની હિસાબની નોંધ હજી મોજૂદ છે. એમાં ઘોડાગાડીનો, છાપાં ખરીદ્યાનો, ચા-નાસ્તાનો, ટપાલનો એવો ઝીણો ઝીણો ખર્ચ પણ વિગતે નોંધેલો છે. પરચૂરણ ખર્ચ જેવું કોઈ ખાતું જ એમાં નથી. તદ્દન નજીવીની રકમ માટે એમણે પૂ. કસ્તૂરબાને પણ 'નવજીવન'ને પાને ચડાવ્યાં હતાં. બીજા સાથીઓને પણ છોડ્યા નહોતા. સંસ્કૃતમાં એક કહેવત છે કે योऽर्थे शुचिर्हि स शुचिः એ તેઓ અક્ષરેઅક્ષર પાળતા હતા.

•

# 3 આભાર માન

**રાજેશ વ્યાસ 'મિસ્કીન'**
**(જન્મ : 16-10-1955)**

ગઝલકાર રાજેશ જટાશંકર વ્યાસ 'મિસ્કીન' એમ.એ; પીએચ.ડી. થયા છે. 'ગુજરાતી ગઝલ તેના વિવિધ પરિપ્રેક્ષ્યમાં' વિષય ઉપર મહાનિબંધ લખ્યો છે. 'છોડીને આવ તું', 'કોઈ તારું નથી','એ પણ સાચું આ પણ સાચું', 'પહેલી નજર,' 'બદલી જો દિશા', 'એ ઓરડો જુદો છે' - એમના ગઝલસંગ્રહો છે. એમણે સંપાદનો કર્યાં છે, તેમજ આધ્યાત્મિક કાવ્યવિવેચનક્ષેત્રે પણ ખેડાણ કર્યું છે. અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે. 'હરીન્દ્ર દવે એવોર્ડ', 'વલી ગુજરાતી એવોર્ડ' તેમજ 'કુમાર સુવર્ણચન્દ્રક' પ્રાપ્ત થયા છે.

પ્રસ્તુત ગઝલ 'આભાર માન'માં કવિ જીવનનો મહિમા કહે છે. જીવનમાં જે મળ્યું છે તેનો સહજ સ્વીકાર કરી, પરમાત્માનો આભાર માની આભારવશ થવામાં જીવનનું પુણ્ય છે એવો સંદેશ પણ પાઠવે છે.

---

કૈંકને દુર્લભ છે શ્વાસો જે મફત વહેતી હવા,
શ્વાસ તારાથી સહજ લેવાય છે ? આભાર માન.

કૈંકની મૃત્યુથી બદતર છે પરિસ્થિતિ અહીં,
ટૂંકમાં બહેતર જીવન જિવાય છે, આભાર માન.

કૈંકને દૃષ્ટિ નથી ને કૈંકને જોતાં ધૂંધળું,
આંખથી ચોખ્ખું તને દેખાય છે ? આભાર માન.

જ્ઞાનતંતુની બીમારી ને હૃદયની કોઈને,
આ જગત સ્પર્શાય છે ? સમજાય છે ? આભાર માન.

કૈંક ઉબાઈ ગયા છે કૈંક પાગલ થઈ ગયા,
જીવવાનું મન પળેપળ થાય છે ? આભાર માન.

એક સરખું જો હશે કૈં પણ તો કંટાળી જઈશ,
વત્તુંઓછું જો હૃદય હરખાય છે, આભાર માન.

જીભના લોચા નથી વળતા ન દદડે આંસુઓ,
હોઠ આ ફફડે છે તો બોલાય છે ? આભાર માન.

વ્હેણ સુકાયાં નથી ને અવસરે શોભે હજી.
આંસુઓ પણ પાંચમાં પુછાય છે, આભાર માન.

કાલમાં સૌ જીવનારા હોય છે પરવશ ફક્ત,
આજ આ આભારવશ થઈ જાય છે, આભાર માન.

**શબ્દાર્થ**

**દુર્લભ** સહેલાઈથી ન મળે તે **બદતર** ખરાબ **અવસર** પ્રસંગ

•

| 4 | # કાન |
|---|---|

**મધુરાય**
**(જન્મ : તા.19-7-1942)**

વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર મધુસુદન વલ્લભદાસ ઠાકરનો જન્મ જામખંભાળિયામાં થયો હતો. 'મધુરાય' તેમનું લેખક તરીકેનું નામ છે. માધ્યમિક સુધીનું શિક્ષણ દ્વારકામાં  લીધું હતું. કલકત્તામાં તેમણે શિક્ષણ લીધું. કલકત્તાના દીર્ઘ નિવાસ દરમિયાન વિવિધ ભાષા પર પ્રભુત્વ મેળવ્યું. સાંસ્કૃતિક આદાન-પ્રદાન યોજના અન્વયે અમેરિકા જઈ તેમણે રંગભૂમિની વિશિષ્ટ તાલીમ લીધી. થોડો સમય અમદાવાદમાં રહી 'આકંઠ સાબરમતી' નામની નાટ્યસંસ્થાની સ્થાપના કરી.

'બાંસી નામની અક છોકરી', 'રૂપકથા', 'કાલસર્પ' એ તેમના નોંધપાત્ર વાર્તાસંગ્રહો છે. 'ચહેરા', 'કિમ્બલ રેવન્સવુડ' 'કલ્પવૃક્ષ', 'કામિની', 'સભા' અને 'સાપબાજી' એ એમની પ્રયોગશીલ નવલકથાઓ છે. નાટ્યક્ષેત્રે પણ મધુરાયે અનેક પ્રયોગો દ્વારા પોતાની સર્જક પ્રતિભાનો અને નાટ્યદિગ્દર્શનની સૂઝનો પરિચય આપ્યો છે. 'કુમારની અગાસી', 'કોઈ એક ફૂલનું નામ બોલો તો', 'આપણે કલબમાં મળ્યા હતા', અને 'સંતુ રંગીલી', 'ખેલંદો (રૂપાંતર) જેવાં નાટકોએ ગુજરાતી રંગભૂમિનું આકર્ષણ વધાર્યું છે. 'અશ્વત્થામા' એમનો એકાંકીસંગ્રહ છે. 'આકંઠ' ત્રેવીશ પ્રયોગશીલ અભિનય અખતરારૂપ નાટકોનું ચયન-સંપાદન છે. પત્રકારત્વના ક્ષેત્રમાં પણ તેમનું અર્પણ છે. નર્મદચંદ્રક અને રણજિતરામચંદ્રક દ્વારા તેમની સર્જકતાનું બહુમાન થયું છે.

'કાન' મધુરાયની નોંધપાત્ર રચના છે. ખાસ તો એમાંનો ધારદાર વ્યંગ ઉપહાસને કારણે હરિયાને રંગમહેલ આગળ ઊભો રાખી એક કાકાએ માથે હાથ ફેરવી આશીર્વાદ આપતાં કહેલું , 'તારો કાન બહુ મજાનો છે, બેટા !' આખા રસ્તે હરિયો આ વાત પર હસતો હસતો ઘેર જાય છે, 'કાન' વિધ પ્રસંગો, વિવિધ વ્યક્તિઓ દ્વારા વિડંબના પામે છે. હરિયાના કાનનાં વખાણ વધતાં જાય છે. હરયો નહીં, પરંતુ તેનો કાન અને તે પણ એક જ કાન એની પ્રતિષ્ઠારૂપ બનતો જાય છે. હવે હરિયો, હરિયો મટી 'હરિશ્ચંદ્રસાહેબ' બને છે. પ્રારંભે હરિયો પરંપરાગત સંસ્કારોને કારણે આ નવી સર્જાયેલી પરિસ્થિતિ પર હસતો રહે છે,  પરંતુ પછી તો એ કાનના સહારે જીવન ગબડાવતો થાય છે અને કાનના માહાત્મ્યને સ્વીકારતો જાય છે. અહીં હરિયાનું પાત્ર સ્વયં એક વિધિવક્રતારૂપ ચરિત્ર બનતું જાય છે. આમ, ધીરે ધીરે હરિયાની વૈયક્તિકતા ગૂંચવાતી જાય છે. આ વિડંબનાપૂર્ણ પરિસ્થિતિને હરિયો એક પરિતૃપ્તિ તરીકે સ્વીકારી લે છે. જેમાં એના જીવનની કરુણ અસંગતિનું દર્શન થાય છે.

---

હરિયો રોજ નદીએ નહાવા જતો, અને પાછો આવતા ત્યારે રસ્તામાં જેલ આવતી અને બારીઓમાં કેદીઓને જોયા કરતો. નદીનું નામ હતું ઘી નદી. હરિયાના ગામમાં બે નદીઓ હતી - ઘી નદી અને તેલ નદી.

એક દિવસ નહાઈને હરિયો ઘરે આવતો હતો ત્યારે રંગમહેલ નિશાળ આગળ એક જણાએ એને ઊભો રાખ્યોઃ 'અલ્યા, ત્રંબકનો છોકરો ને?' હરિયાએ હા પાડીઃ 'હા- કાકા.' કાકાએ એને માથે હાથ ફેરવ્યો અને આશીર્વાદ આપ્યા. હરિયાનો કાન લાલ થઈ આવ્યો. કાકાએ કહ્યુંઃ 'તારો કાન બહુ મજાનો છે, બેટા!'

હરિયાને હસવું આવ્યું, કાન મજાનો છે એ તે કાંઈ કહેવાની વાત છે? હરિયો આખા રસ્તે હસતો હસતો ઘેર ગયો.

હરિયો શિરાવા બેઠો હતો, અને કોઈએ બારણું ઠોક્યું. હરિયાની માએ એને એક પતાસું આપ્યું હતું. એને બટકું ભર્યું ત્યાં તો ઓસરીમાં બે જણ આવેલા દીઠા. બેય જણ હરિયાની માને મળ્યા, અને હસી હસીને વાત કરવા માંડ્યા, હરિભાઈ, હરિભાઈ કહીને એની પાસે બેસી ગયા, 'ચાલો તમને દાકતર સાહેબ બોલાવે છે. તમારો કાન કેવો સરસ છે!' હરિયો બાડિયું પહેરીને દાકતર સાહેબ પાસે ગયો. દાકતર તો નામના દાકતર હતા, અને મોટે ભાગે ગામના લોકોના સલાહકાર મનાતા. દાકતરે હરિયાને પાસે બેસાડયો, 'તમારા કાન વિષે કાંઈ બોલોને?' હરિયાને થયું કે આ કાનનું શું છે? એણે કહ્યુંઃ 'મને કાનમાં તો કંઈ વાંધો નથી.' બધા હસી પડયા. હરિયાને થયું, એમાં હસવાનું શું છે. હરિયાએ જોયું તો કાન તો બરાબર હતો. હરિયો પણ હસી પડ્યો. 'તમને કાનની પ્રેરણા કઈ રીતે મળી?' દાકતર સાહેબે આડીઅવળી વાતો કરી, 'અહીં આવતા રહેજો, હરિભાઈ'

અને હરિયાને થયું કે, આ થયું છે શું ? 'હરિભાઈ' વળી શું ? અને હરિભાઈ ગિરનારા કરીને એક કાકા બીજા ગામમાં હતા, એટલે હરિયાને 'હરિભાઈ' નામ બહુ ગમ્યું પણ નહીં. એણે કહ્યું : મને 'હરિભાઈ કેમ કહો છો?' તો બધા ફરીથી દાંત કાઢવા લાગ્યા. કોઈએ ભાવથી કહ્યું: 'હરિભાઈનું આખું નામ તો હરિશ્ચંદ્ર ત્રંબકલાલ છે.' કોઈએ વળી હરિયાનો કાન દેખાય એવી રીતે એના ફોટા પણ પાડ્યા, અને છાપામાં પણ હરિયાના કાનનાં વખાણવાળા ફોટા પણ છપાયા. હરિયાએ અરીસામાં જોયું. આ વળી કાનનું શું છે?

રંગમોલ નિશાળમાં એક નવો છોકરો ભણવા આવ્યો હતો અને એના બાપુજી નિશાળમાં આવીને ગંજીફરાક મફત ઈનામમાં વહેંચતા હતા. હેડમાસ્તરે હરિયાને બોલાવીને બેસાડ્યો, હરિયો ભારમાં મોઢું રાખીને બેઠો. હરિયાની ઓળખાણ કરાવી. ગંજીફરાક હરિયાના હાથે વહેંચાય એવું નક્કી થયું. હરિયાને થયું, આય વળી નવું!

નિશાળની બહાર ખારી-મમરાવાળા બેસતા અને હરિયાને વાપરવા માટે રોજ બે પૈસા મળતા. હરિયો કોકવાર બે દિવસનો ભેગો એક આનો વાપરતો અને બીજે દિવસે હડી કાઢીને ઘેર જઈને ખાઈ લેતો. હરિયાને બપોરે બહુ ભૂખ લાગતી. એક દિવસ એક આનાના મમરા લીધા તે બહુ તીખા લાગ્યા. એણે મમરાવાળાને કહ્યું: 'ધનજીભાઈ, મમરા બહુ તીખા છે.' ધનજીભાઈએ કહ્યું: 'અટાણ સુધી તો કોઈની રાડ નથી આવી. તારી આ પહેલી રાડ છે.' પણ ત્યાં ધનજીભાઈએ એનો કાન જોઈ લીધો અને ભાવથી બીજા એક આનાના મોળા મમરા મફત કરી આપ્યા, હરિયાએ તીખા પાછા દઈ દીધા. ભારી કામ થઈ ગયું ગધેડીનું... હરિયો રાજી થઈ ગયો.

મલક આખું હરિયાના કાનની વાત કરતું અને હરિયાને ખબર પડતી નહીં કે બધાને છે એવો કાન મને છે. એમાં બધા આટલું બધું મોણ કેમ નાખે છે? બધા ઘરે આવીને માની પાસે પોતાના છોકરાંવની રાવ ખાતા અને હરિયાનાં વખાણ કરતાં; હરિયાના નહિ, હરિયાના કાનના.

હરિયાના મામા હરિયાને જામનગર તેડી ગયા. મામી બાજરીમાં ઘનેડાં ચડી ગયાં હતાં તે વીણતાં હતાં. હરિયાને જોઈને ઊભાં થઈ તેને ભેટી પડ્યાં. 'આવ મારા દીકરા, આવ. જોઉં વાહ કેવો રૂપકડો મજાનો કાન છે. મારા દીકરાનો !'

કોઈ મોટા સાહેબને મળવા જવાનું હતું. જામનગરમાં, તે મામા હરિયાને નવડાવીને લઈ ગયા. સાહેબે હરિયાનો કાન જોયો, એણે ખૂબ વખાણ કર્યા. આપણા ગામમાં આવો સરસ કાન છે, કેટલું સરસ કહેવાય. હરિયાને થયું, ઠીક ભાય, સરસ કહેવાય.

સાહેબે હરિયાને એમને ઘેર જ રાખી લીધો. સાહેબ હરિયાના કાનને રોજ સુગંદી પાણીથી ધોવડાવતા હતા. વાળંદ પાસે મેલ કઢાવતા, કાનની પાસે મોવાળા પથરાવીને શણગાર કરાવતા અને એમ ને એમ હરિયાને બેસાડી રાખતા. પછી બેત્રણ દિવસ પછી કાનમાં અત્તરનાં પૂમડાં મુકાવા માંડ્યાં, અને પછી સોનીને બોલાવી એમાં વીંધ કરાવી સાચા સોનામાં સાચા પોખરાજ જડાવીને પહેરાવવાનું શરૂ કર્યું. તે રોજ નવા નવા હીરા પહેરાવતા. એક દિવસ હરિયાને થયું કે હવે અહીંયા નથી રહેવું એણે સાહેબને વાત કરી. સાહેબે એને કહ્યું: 'જ્યાં ફાવે ત્યાં ફરો, એમાં શું !' અને હરિયો ફાવે ત્યાં ફરવા લાગ્યો. ભાડાની સાઇકલ લેવા ગયો તો સાઇકલવાળાએ એને મફત ફેરવવા દીધી.

હરિયાએ તાણ કરી પણ પૈસા ન લીધા તે ન જ લીધા. બગીચામાં ફરતો હતો તો બે-ત્રણ જણા હસીને ઊભા રહ્યા. હરિયો હવે તો કાનવાળી વાત સમજી ગયો હતો. એટલે એણે બેય જણ પાસે કાન વિષે ખૂબ વાતો કરી. હરિયાને થયું, ના, ના, ક્યો ન ક્યો પણ કાનેય ગધેડીનો છે રૂપાળો, આપણો બાકી. પણ હરિયાને રહી રહીને થાતું'તું કે આમ તો કેમ રહેવાય. નિશાળ ન મળે, નદી ન મળે, કેટલા દી રહેવાય પણ સાહેબે કહ્યું, 'હરિભાઈ, હવે તમને ખંભારિયે નહીં ગમે.' પણ હરિયો તો કહે કે મને ખંભારિયે જાવા દિયો તો જ હા, નકર ના.

ખંભારિયામાં હરિયાના ભાઈબંધ બધા ભણીને પાસ થઈ ગયા ને હરિયાને થયું કે આ ગધેડીનું ભણવાનું તો રહી ગયું

પણ પછી થયું, આ કાન આવો મજાનો છે, પછી ભણીનેય શું ઓટલા વારવાના છે. એને ભાઈબંધ રસ્તામાં મળી જતા પણ બધાંય કાંઈક આઘા થઈ ગયા લાગતા. કાને તે કરી છે ને કાંઈ, હરિયાને વારેવારે થઈ આવતું.

તે બસ, પછી તો હરિયાને ખંભારિયામાં મજા ન પડી તે પાછો જામનગર આવ્યો અને ત્યાંથી રાજકોટ, ભાવનગર, અમદાવાદ, વડોદરા એમ કરતાં કરતાં મુંબઈ પહોંચી ગયો. મુંબઈમાં પણ ગામેગામની જેમ એના કાનના વખાણ સંભળાતા હરિયો લિફ્ટ પાસે ઊભો રહેતો તો લોકો જગ્યા કરી આપતા, સિનેમા જોવા જતો તો ટિકિટ લઈ દેતા, ખાવા જતો તો ભાણું ખવરાવી દેતા, અને દરિયા કિનારે બેસતો તો, પાછળથી અવાજ સંભળાતા : 'પેલા વાદળી ખમીસવાળા છે ને એ જ હરિશ્ચંદ્ર!' 'હા, જુઓને અહીં ક્યાંથી એમનો કાન બરાબર દેખાય છે. છે ને જોયું ને? તો વળી કોઈ આવીને વાત કરતું, ઘરે બોલાવતું, અને કાનના વખાણ કરતું.

એક દિવસ હરિયો રેતીમાં બોઠો હતો અને પલાંઠી વાળીને રેતીમાં પોતાનું નામ લખતો હતો, ત્યારે કોલેજની બે-ત્રણ છોકરીઓનો પડછાયો પાછળથી દેખાતો. એમાંથી એક જણીએ ઘણીબધી ચોપડિયુંનો થોકડો ઉપાડયો હતો. હરિયાને થયું, દફતર લેતી હોય તો શો વાંધો?

છોકરીઓએ બીતાં બીતાં અને હસતાં હસતાં હરિયાને પૂછયું 'આપનું નામ હરિશ્ચંદ્ર ખરું ને?'

બીજી છોકરી ખિલખિલ કરતી બોલી, ' આપનો કાન જોઈને લાગ્યું તો ખરું , એટલે પાસે આવ્યા અને રેતીમાં લખેલું જોયું એટલે કનફર્મ થઈ ગયું!'

બધી છોકરીઓ હસી પડી, હરિયાએ મનમાં કહ્યું કે ભારી. તમારું 'કનફર્મ' થઈ ગયું. પછી એણે કહ્યું, 'હા જી, બોલો કાંઈ કામકાજ?'છોકરીઓ એકબીજીને ધક્કા મારવા માંડી. એકે વળી કહ્યું 'બોલને શાર્દૂલા, શરમાય છે કેમ? પૂછો હરિશ્ચંદ્રસાહેબ.'

હરિયાએ કહ્યુંઃ શું પૂછું?' મનમાં કહ્યું, આ શારદુલાય વળી છોકરિયુંના નામ આવે છે? બધી ભાયડાંવનાં કપડાં પે'રીને ફરે છે, અને પાછી શરમાય છે.' શારદુલાએ હેં હેં કરતાં કહ્યું, 'એવું છે ને કે મારા એક પ્રોફેસર છે ને તેમણે મને કહ્યું હતું કે, તમારો કાન પણ બહુ ઈન્ટ્રેસ્ટિંગ છે.'

હરિયાએ કહ્યું 'હા અ અ અ?' હું રોજ કાન શણગારું છું. કહેતી કેમ નથી કે કાન જોઈ આપો, આપનો અભિપ્રાય આપો, કાંઈ સૂચન આપો' અને બધી પાછી હવામાં ઝાડ હાલે એમ વાંકી વળી વળી હસવા લાગી. શાર્દૂલાએ કાન બતાવ્યો. હરિયાએ ભારમાં મોં રાખીને કહ્યું 'સારો છે કાન, સાચો છે! એમાં સિન્સિયારિટી છે.' શાર્દૂલાએ કહ્યું , 'હું છે ને તે તમારો ફોટો મારા લખવાના ટેબલની ઉપર રાખું છું.

હરિયાએ મનમાં કહ્યું, કરો વાત! જોરથી કહ્યું, 'કરો, મહેનત કરો,' આ તો મોટી સાધના છે. જરૂર તમે એક દિવસ પ્રખ્યાત કર્ણવિદ બનશો.

ત્રણે છોકરિયું પોરસાતી પોરસાતી વહી ગઈ આમ કહેતી. તમારા કાનના અમે ચાહક છીએ, જ્યારે જ્યારે તમારા કાન વિષે કાંઈ આવે છે, ત્યારે અમે રસપૂર્વક વાંચીએ છીએ.

પછી તો હરિયો કાન મારફત જ ઓળખાવા લાગ્યો. એને દી ઓળખનારા લોકો સિવાય એની ઓળખાણ થતી ત્યારે કહેવાતું, પેલા કાન વિષે તમે નથી સાંભળ્યું? એ જ એ ભાઈ, કાનવાળા પ્રખ્યાત કર્ણવિદ.

એટલે કર્ણવિદ જ્યારે જ્યારે શિયાળામાં કાનટોપી પહેરીને નીકળતા ત્યારે વળી ઠેબે દેવાતા. હરિયાને કાન તો અદ્ભુત મળ્યો હતો, પણ લોકો એક જ કાનની વાત કરતા. જાણે એને બીજો કાન જ ન હોય. હરિયોને બીજો કાન પણ હતો અને બેય કાન મળીને હરિયાના બે કાન બનતા, હરિયાને હરિયો બનાવતા અને માણસની હારમાં મૂકતા.

કાનના વખાણનારા જાણે પહેલેથી કલ્પી લેતા કે, હરિયો માણસ નથી, માત્ર આપણા પ્રખ્યાત કર્ણવિદ છે. હરિયાને પહેલાં એનું હસવું આવતું, અને પછી બીક લાગવા માંડતી, એક જ કાન મારો? મારે બીજો કાન નહીં રાખવાનો? બીજા કાનની

ગંધની વાત આવતાં જ લોકો બદલાઈ જતા. એમના મોઢામાં એક પાલી મગ ભરાઈ જતા. હરિયાને થતું કે એક કાનમાં એવું તે શું છે, અને એક કાન કોને ખબર સારો છે એટલે બીજા કાનનો ગુનો શો છે અને દુનિયાનું વાજું એ રીતે ચાલતું હતું. અને હરિયાનું જીવન કાનના સહારે ગબડી રહ્યું હતું, અને આખરે હરિયો કાન ઉપર હસતો બંધ થયો હતો. કાનના જોરે જીવી શકાય કે કેમ એનો વિચાર કરતો હતો, અને પોતે ખુદ કાનના માહાત્મ્યમાં માનતો થઈ ગયો હતો. હરિયો હજી કાનમાં માને છે.

હરિયો કાનમાં માને છે, એ વાત કહ્યા પછી હવે હરિયાની ચિંતા થાય છે કે એણે જીવનની તમામ બાબતો કાન અંગે છોડી દીધી છે. હરિયો એટલે કાન, અને કાન વિનાનો હરિયો એટલે શૂન્ય એવો તાલ દુનિયા ગોઠવી રહી છે અને કમભાગી હરિયો એ વાત માનતો થઈ ગયો છે : હરિયો એટલે કાન અને કાન વિનાનો હરિયો એટલે શૂન્ય અને એમાં ને એમાં કરતું વીંટળાઈ રહ્યો છે. ચિંતા થાય એટલે એવી ચિંતા થાય છે કે કાલ સવારે હરિયો માલૂમ પડે કે દુનિયા બહુ આગળ નીકળી ગઈ છે અને દુનિયાના બધા જણ પાસે નાની- મોટી ઘણી બધી ચીજો પડી છે ટકવા, ટકાવવા માટેની, જ્યારે હરિયા પાસે છે માત્ર એક કાન, અને એક જ નંગ કાન, પહેલા જેવો હતો એવો ને એવો જ કાન, ત્યાં અટકી પડેલો કાન, અને જીવતો બંધ થઈ ગયેલો કાન અને કાન વિનાનો હરિયો છે શૂન્ય એટલે હરિયાનો અર્થ થાય જીવતો અટકી પડેલો કાન, જ્યારે દુનિયા એટલે પૂરપાટ દોડતી, વધતી જીવતી દુનિયા.

હરિયો કોઈ દિવસ ઊઠીને જાણશે કે આખો તાલ આવો થયો છે, ત્યારે કેટલો જીવ બાળશે, આજથી પાંચ, સાત દસ કે બાર વર્ષ પછી?

**શબ્દાર્થ**

**શિરાવવું** સવારનો નાસ્તો કરવો **આનો** ચાર(જૂના) પૈસાની કિંમતનું નાણું **રાડ** (અહીં) ફરિયાદ **મોણ નાખવું** (અહીં)વખાણ કરવાં **ઘનેડાં** દાણામાં સડો કરનારાં એક પ્રકારનાં જીવડાં **પૂમડું** થોડુંક રૂ **પોખરાજ** પીળા રંગનું એક રત્ન **કન્ફર્મ (અહીં)** ચકાસવું **સિન્સિયારિટી (અહીં)** પ્રામાણિક **કર્ણવિદ** કાનનો જાણકાર **માહાત્મ્ય** મહિમા, મહત્ત્વ **તાલ (અહીં)** યુક્તિ, ખેલ, પ્રપંચ **જીવ બાળવો** સંતાપ કરવો

• • •